ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. કાયદો અને ન્યાયને અનુમોદિત દૈનિક અખબાર

RNI NO. GUJGUJ/2015/63755
Title Code : GUJGUJ15949

GANDHINAGAR

# ક્રાઈમ & જસ્ટિસ

(દૈનિક)

તંત્રી : જયંતિભાઈ પટેલ (મો) 81 41 81 81 43 | મેને. તંત્રી : ગૌરાંગ પંડ્યા (મો) 99099 69099 | સહતંત્રી : મુકેશ પ્રજાપતિ (મો) 97377 47770

● વર્ષ : ૪ ● અંક : ૩૪૨ ● તારીખ : ૧૪-૦૬-૨૦૧૯ ● શુક્રવાર ● પાના નં. ૪ ● કિંમત : ૦.૨૫/- પૈસા ● મોબાઈલ : 81418 18143 ● email : crimejusticedaily@gmail.com

# 'વાયુ' વાવાઝોડું ઓમાન તરફ ફંટાયું

## રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે તંત્રને વધુ આદેશ ના મળે ત્યાં સુધી સ્ટેન્ડબાય રહેવા સુચના આપી

**(એજન્સી) નવીદિલ્હી**

અરબી સમુદ્રમાં સર્જાયેલું વાવાઝોડું વાયુને લઈને ગુજરાત માટે એક સારા સમાચાર છે. હવામાન વિભાગની આગાહી મુજબ બુધવારે રાત્રે વાવાઝોડાએ રૂટ બદલ્યો હોવાથી હવે ગુજરાત પર ત્રાટકશે નહીં અને તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ એટલે કે ઓમાન તરફ ફંટાયું છે. રાજ્ય સરકારે તકેદારીના ભાગરૂપે તંત્રને વધુ આદેશ ના મળે ત્યાં સુધી સ્ટેન્ડબાય રહેવા સુચના આપી છે. વાયુ વાવાઝોડું બપોરનાં સમયે સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તાર નજીકથી પસાર થઈ જશે. જેને પગલે સંખ્યાબંધ ગામોમાં ભારે પવન સાથે વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્ય સરકાર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાંથી આશરે ત્રણ લાખ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. કાંઠા વિસ્તારમાં કાચા મકાનોમાં રહેતા લોકોને ફરજીયાત ઘર ખાલી કરીને રાહત છાવણીમાં ખસેડવામાં આવ્યા હતા. અર્થ સાયન્સ મંત્રાલયના સચિવ એમ રાજીવને જણાવ્યું હતું કે, વાયુ વાવાઝોડું ગુજરાત પર નહીં ત્રાટકે. તે માત્ર કાંઠા વિસ્તાર નજીકથી પસાર થશે. વાવાઝોડાના રૂટમાં સહેજ બદલાવ થયો છે. જો કે તેમ છતા ભારે પવન ફૂંકાશે તેમજ અનેક ગામોમાં હળવાથી ભારે વરસાદની શક્યતા રહેલી છે. હવામાન વિભાગના અધિક મહાનિર્દેશક દેવેન્દ્ર પ્રધાનના મતે વાયુ વાવાઝોડું દરિયાની અંદર રહેશે અને તે ગુજરાતની દરિયાપટ્ટીની સમીપથી પસાર થશે. વાવાઝોડું રાત્રીના સમયે સહેજ પશ્ચિમ તરફ ફંટાયું છે. અગાઉ ગુરુવારે બોપરે વાવાઝોડું સૌરાષ્ટ્ર-કચ્છના કાંઠા વિસ્તાર પર ત્રાટકવાની આગાહી હવામાન વિભાગે કરી હતી. વાયુનો રૂટ ફંટાયો હોવાથી ગુજરાતને મોટી રાહત મળી છે. જો કે તેમ છતા દરિયાકાંઠા નજીકથી તે પસાર થવાનું હોવાથી ગીર-સોમનાથ, જુનાગઢ, પોરબંદર, દેવભૂમી-દ્વારકા સહિતના કેટલાક જિલ્લાઓ તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં ભારે પવન તેમજ વીજળીના કડાકા સાથે વરસાદની સંભાવના છે. વાયુનો પ્રકોપ ગુજરાત પર મંડરાયો હોવાથી લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. જો કે હવે વાયુની આંખ ગુજરાત પર નહીં ત્રાટકે.

## વડા પ્રધાન મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ ૩૦ જૂનથી ફરી શરૂ થશે



**(એજન્સી) નવીદિલ્હી**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો 'મન કી બાત' રેડિયો કાર્યક્રમ આવતી ૩૦ જૂને ફરી શરૂ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણી દરમિયાન આ કાર્યક્રમને અટકાવી દેવામાં આવ્યો હતો, કારણ કે મોદી પણ ચૂંટણીના એક ઉમેદવાર હતા. તેથી એમનો લોકપ્રિય બનેલો 'મન કી બાત' કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયો (આકાશવાણી) પરથી ફરી પ્રસારિત કરાશે. પ્રસાર ભારતી ન્યૂઝ સર્વિસીસ સંસ્થાએ 'મન કી બાત' કાર્યક્રમ માટે લોકો પાસેથી સૂચનો મગાવવાનું શરૂ કરી દીધું છે. પ્રસાર ભારતીના ટ્વીટમાં જણાવાયું છે કે, પીએમ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ ફરી આવી રહ્યો છે. શું તમારા વિચાર, માહિતીની 'મન કી બાત'માં રજૂઆત થાય એવું ઈચ્છો છો? તો એને શેર કરો અથવા ફોન નંબર ૧૮૦૦-૧૧-૭૮૦૦ ડાયલ કરીને જણાવો. મોદીએ એમનો છેલ્લો રેડિયો કાર્યક્રમ લોકસભાની ચૂંટણી પૂર્વે ગયા ફેબ્રુઆરીમાં કર્યો હતો. ત્યારે એમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે એમની પાર્ટી (ભારતીય જનતા પક્ષ) ચૂંટણીમાં વિજયી થશે અને ચૂંટણી પૂરી થયા બાદ રેડિયો કાર્યક્રમ ફરી શરૂ થશે. 'મન કી બાત' કાર્યક્રમ દર મહિનાના આખરી રવિવારે પ્રસારિત કરાતો હોય છે.

## રાહુલ ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ હતા, છે અને રહેશે : સુરજેવાલા

**(એજન્સી) નવીદિલ્હી**

કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ બુધવારે કોંગ્રેસ અધ્યક્ષ કોણ તે અંગેની અટકળો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે રાહુલ ગાંધી કોંગ્રેસ અધ્યક્ષ હતા, છે અને રહેશે. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓ આજરોજ એ કે એન્ટોની સાથે મુલાકાત કરી આગામી સમયમાં હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીની રણનીતિ અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં સુરજેવાલાએ રાહુલ ગાંધી જ કોંગ્રેસ અધ્યક્ષ રહેશે તેવી સ્પષ્ટતા કરી હતી. રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શન બદલ ૨૫મેના કારોબારી બેઠકમાં રાજીનામું આપવા પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જો કે કારોબારી સભ્યોએ સર્વાનુમતે રાહુલ ગાંધીના રાજીનામાની ઓફર ફગાવી દીધી હતી. કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં પર બેઠકો જ જીતી શકી હતી. બેઠકમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલ, મલ્લિકાર્જુન ખડગે, ગુલામ નબી આઝાદ, પી ચિદમ્બર, કેસી વેણુગોપાલ, જયરામ રમેશ અને આનંદ શર્મા હાજર રહ્યા હતા. સુરજેવાલાએ મીડિયા અહેવાલોને ફગાવતા જણાવ્યું હતું કે, હવે કોઈ કોર જૂથ નથી અને ચૂંટણી સંલગ્ન સમિતિઓ પણ અસ્તિત્વમાં નથી.

## પ્રહલાદનગર પાસે ટીમ્બર પોઈન્ટ કોમ્પ્લેક્સના ભોંયરામાં આગ, ૧૦૦થી વધુ લોકોને બચાવાયા

**(પ્રતિનિધિ) અમદાવાદ**

સુરતમાં થેયલા ગોઝારા અગ્નિકાંડની હજી તો શ્યાહી પણ નથી સુકાઈ ત્યાં અમદાવાદમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. શહેરના પ્રહલાદનગરના ટીમ્બર પોઈન્ટ કોમ્પ્લેક્સના ભોંયરામાં સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ આગ લાગી હતી. જેને પગલે ૧૪ ફાયર ફાઈટર અને બે એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. ચોથા માળે માણેક ટેક નામની આઈટી કંપની આવેલી હોવાથી ૧૦૦ જેટલા આઈટી પ્રોફેશનલ ચોથા માળે ફસાયા હતા. ત્યાર બાદ તેમને અડધી કલાકમાં જ બચાવી લેવાયા હતા અને આગ પર કાબૂ મેળવાયો હતો. ટીમ્બર પોઈન્ટના કોમ્પ્લેક્સના ભોંયરામાં આગ લાગી છે. ભોંયરામાં આવેલા મીટરમાં સ્પાર્ક થવાની આગ લાગી હતી. ઘણા લોકો ધાબા ઉપર જતા રહ્યા હોવાથી આગથી બચી ગયા હતા. જ્યારે બાકીના લોકોને ફાયર ફાયટરના જવાનોએ બચાવ્યા હતા. આજે બપોરે ધોમ ધખતા તાપ વચ્ચે શહેરના પ્રહલાદનગર ખાતે આવેલા એક ટિમ્બર પોઈન્ટ કોમ્પ્લેક્સના ભોંયરામાં આગ ફાટી નિકળી હતી. આગના કારણે કોમ્લેક્ષમાં કામ કરતા લોકોના જીવ તાળવે ચોંટ્યા હતાં. કોમ્પ્લક્ષના ચોથા માળે માણેક ટેક નામની આઈટી કંપની આવેલી છે. જેમાં ૧૦૦ જેટલા આઈટી પ્રોફેશનલ કામ કરે છે. તેઓ આગમાં ચોથા માળે ફસાયા હતા. આ ઉપરાંત કોમ્પ્લેક્ષમાં કામ કરતા અન્ય લોકો દોડીને ધાબા પર ચડી જતા બચી ગયા હતા. ફસાયેલા અન્યોને બે મોટી સીડી અને દોરડાની મદદથી બચાવી લેવામાં આવ્યા હતાં. ઘટનાની જાણ્ કરતા ફાયર બ્રિગેના ૧૪ જેટલા ફાયર ફાયટર ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતાં. આ ઉપરાંત બે એમ્બ્યુલેન્સ પણ ઘટનાસ્થળે બોલાવવાવામાં આવી હતી. થોડી જ વારમાં આગ પર નિયંત્રણ મેળવી લેવાયું હતું. આ ઘટનામાં સદનસીબે કોઈ જ જાનહાની થઈ નહોતી. ચોથા માળ સુધી ધુમાડો ફેલાયો હોવાથી ધુમાડો કાઢવા કાચ તોડવામાં આવ્યા હતા. આગ લાગ્યા પછી ફસાયેલા લોકોએ એસી, કોમ્પ્યુટર બંધ કરી દીધા હતા અને પછી પેન્ટ્રીમાંથી ફાયર બ્રિગેડની મદદથી ટેરસ પર ગયા હતા. લોકોએ દાખવેલી સતર્કતાના પગલો મોટી જાનહાની ટળી હતી.

## મદરેસામાં ગોડસે અને પ્રજ્ઞા ઠાકુર જેવા લોકો તૈયાર નથી કરાતા : આઝમ ખાન



**(એજન્સી) લખનૌ**

ઉત્તર પ્રદેશના રામપુર લોકસભા બેઠકના સાંસદ અને સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનને મોદી સરકાર પર નિશાન સાધતા જણાવ્યું હતું કે, મદરેસોઓમાં ધાર્મિક શિક્ષા આપવામાં આવે છે. મદરેસાની પ્રકૃતિ નાથૂરામ ગોડસે અને પ્રજ્ઞા ઠાકુર જેવા લોકોને બનાવવાની નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મદરેસોઓમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે. બાળકોને અહીં અંગ્રેજી, હિન્દી અને ગણિત ભણાવવામાં આવે છે. અને આ પહેલાથી જ કરવામાં આવી રહ્યું છે. જો તમે મદદ કરવા માંગો છો તો મદરેસાની સ્થિતિને સુધારો. મદરેસા માટે બિલ્ડિંગ તૈયાર કરો તેમને ફર્નીચર અને મધ્યાહન ભોજનની સુવિધા પૂરી પાડો. આઝમ ખાને જણાવ્યું કે, સૌ પ્રથમ જાહેરાત કરવી જોઈએ કે નાથૂરામ ગોડસેના વિચારોને ફેલાવનારા લોકોને લોકશાહીના દુશ્મન જાહેર કરવામાં આવશે. હકીકતમાં બીજા કાર્યકાળની સત્તા સંભાળતા જ મોદી સરકારે મદરેસા શિક્ષણને આધુનિક બનાવવા અને આને ઔપચારિક શિક્ષણ સાથે જોડવા માટે મહત્વપૂર્ણ પગલા ભર્યા છે.

# 'વાયુ' વાવાઝોડાના પ્રકોપથી લોકોને બચાવશે સેના એરફોર્સની ટીમ

## સાયકલોન વાયુની વધી રહેલી ભયાનકતા અને પવનની વધતી ગતિને ધ્યાનમાં રાખી એનડીઆરએફની વધુ ૧૨ ટીમ બોલાવી લેવાઈ

**(એજન્સી) નવીદિલ્હી**

સેના અને વાયુસેનાએ ચક્રવાતી તોફાન વાયુ સાથે લડવા માટે પૂરતી તૈયારીઓ કરી લીધી છે. તો નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ એટલે કે એનડીઆરએફની એક મોટી ટીમ બચાવ અને રાહત કામગીરીમા સમગ્ર હાઈટેક સામાન લઈને ગુજરાત પહોંચી ગઈ છે. ચક્રવાતી તોફાન વાયુ ૧૩ જૂને સવારે ૧૬૫ કિમી સ્પીડની ઝડપે ગુજરાતના દરિયા કાંઠે ટકરાય તેવી શક્યતા છે. હાલ તેની અસર ધીરે ધીરે વધી રહી છે. સેનાએ રાજ્ય સરકારની માંગ પર ૧૦ કોલમ તૈનાત કરી દીધા છે. આ કોલમ જામનગર, ગીર, દ્વારકા, પોરબંદર, મોરબી, ભાવનગર, રાજકોટ અને અમરેલીમાં તૈનાત કરવામાં આવશે. એક કોલમ લગભગ એક કંપનીથી નાની એટલે કે ૭૦ સૈનિકોની હોય છે. જેમાં ઈન્ફેન્ટ્રી, આર્ટિલરી, સિગ્નલ, એન્જિનિયરિંગ, મેડિકલ અને સર્વિલ કોરના જવાન સામેલ હોય છે. આ તમામ કોલમોની તૈનાતી બુધવાર બપોરે ૧૨ વાગ્યા સુધી સુધી થઈ જશે. આ ઉપરાંત સેનાના ૨૪ કોલમોને પણ સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે, જેમને કોઈ પણ રાહત અને બચાવ કામગીરી માટે તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું છે. આ કોલમ મેડિકલ ટીમોને સાથે સાથે નાની-નાની બોટ અને બીજા ઉપકરણોથી સજ્જ છે. તેમજ રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના નિર્દેશ પર કામ કરી રહ્યાં છે. વાયુસેનાની દક્ષિણ પશ્ચિમી કમાને ચક્રવાતી તોફાનથી થનારા નુકસાન સામે લડવા માટે પૂરતી તૈયારી કરી છે. ગુજરાતના તમામ નોડલ પોઈન્ટ્સ પર હળવા અને મધ્ય ભારવાહી હેલિકોપ્ટરોને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યું છે. આ હેલોકોપ્ટર રાહત અને બચાવ કાર્ય માટે જૂરરી તમામ ઉપકરણોથી સજ્જ છે. આ હેલિકોપ્ટરને રડાર અને સેટેલાઈટર કમ્યુનિકેશન દ્વારા કુદરતી સંકટમાં ફસાયેલા લોકોને બચાવ માટે મોકલી શકાય છે. તોફાન બાદ કમ્યુનિકેશનની અડચણો સામે લડવા માટે મોબાઈલ કમ્યુનિકેશન ગાડીઓને પણ નિયત સ્થાનો પર ફાળવી દેવાઈ છે. દક્ષિણ પશ્ચિમ વાયુકમાનમાં ગાંધીનગરના મુખ્યાલયમાં એક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ બનાવીને ચક્રવાતી તોફાનની દિશા અને રફતાર પર નજર રાખવામાં આવી રહી છે. એનડીઆરએફ કમાન્ડર આર.એસ.જૂનનું કહેવુ છે કે, ગુજરાતમાં એનડીઆરફેની ૪૭ ટીમ ડિપ્લોય કરાઈ છે. કેટલીક આવી છે, કેટલીક બપોર સુધી આવી છે. તમામ ટીમે જામનગર એરફોર્સ સ્ટેશન પર લેન્ડ કર્યું છે. તમામ એજન્સી સારી રીતે આ આપદા સામે લડવાનું કામ કરી રહી છે. હૈદરાબાદથી વિમાનમાં એનડીઆરએફની ૭ સ્પેશ્યલ ટીમનું મોડી રાત્રે હાઈટેક સાધનો સાથે આગમન થયું છે. તમામ ટીમોને અલગ અલગ જિલ્લાઓમા રવાના કરાશે. અન્ય બે એનડીઆરએફની ટીમ જામનગર અને જોડિયામાં સ્ટેન્ડ ટુ રહેશે. સાયકલોન વાયુની વધી રહેલી ભયાનકતા અને પવનની વધતી ગતિને ધ્યાનમાં રાખી એનડીઆરએફની વધુ ૧૨ ટીમ બોલાવી લેવાઈ છે. બિહાર પટના થી ૬ ચેન્નઈ થી ૬ ટીમ મંગાવાઈ છે. સતત વધી રહેલી પવનની ગતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.



## મોદી સરકારે અંતરિક્ષ યુદ્ધ સાથે જોડાયેલી નવી એજન્સીની સ્થાપનાને મંજૂરી આપી

### ઉચ્ચ ક્ષમતા ધરાવતાં આધુનિક હથિયારો અને ટેક્નોલોજીનું નિર્માણ કરશે

**(એજન્સી) નવીદિલ્હી**

જમીન, પાણી અને અંતરિક્ષમાં પોતાનું મજબૂત સૈન્ય સામર્થ્ય ધરાવતા ભારત હવે અંતરિક્ષ યુદ્ધની તૈયારીની દિશામાં આગળ વધી રહ્યું છે. ભવિષ્યમાં અંતરિક્ષ યુદ્ધની આશંકાને જોતાં મોદી સરકારે તેમની તૈયારીઓ શરુ કરી દીધી છે. સરકાર આ દિશામાં મોટું પગલું ભરતાં અંતરિક્ષ યુદ્ધ સાથે જોડાયેલી ટેકનોલોજી અને હથિયાર પ્રણાલીના નિર્માણ માટે નવી એજન્સીની સ્થાપનાને મંજૂરી આપી દીધી છે. આ એજન્સીનું નામ ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સી રાખવામાં આવ્યું છે. જે ઉચ્ચ ક્ષમતા ધરાવતાં આધુનિક હથિયારો અને ટેક્નોલોજીનું નિર્માણ કરશે. સંરક્ષણ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષાને લઈને કેબિનેટ કમિટી એ નવી એજન્સીની રચનાને મંજૂરી આપી દીધી છે. તમને જણાવી દઈએ કે, ભારતે એવા સમયે સ્પેસ વોરના ખતરા પર ફોક્સ કર્યું છે જ્યારે અમેરિકા પહેલાથી જ ૨૦૨૦ સુધીમાં સ્પેસફ ફોર્સ બનાવવાની જાહેરાત કરી ચૂક્યું છે. અમેરિકાના આ નિર્ણયથી ચીનનું ટેન્શન વધી ગયું છે. મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, થોડા સમય અગાઉ જ સરકારમાં ઉચ્ચસ્તર પર ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સીની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને ત્યાર બાદ જોઈન્ટ સેક્રેટરી સ્તરના વૈજ્ઞાનિકની દેખરેખ હેઠળ એજન્સીની રૂપરેખા પણ તૈયાર કરવામાં આવી રહી છે. આ એજન્સી ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સીને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં મદદ કરશે. એજન્સીમાં ત્રણેય સેનાઓના સભ્યો સામેલ છે. અંતરિક્ષ યુદ્ધમાં દેશની મદદ કરવા માટે આ એજન્સીનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ વર્ષે માર્ચમાં ભારતે અંતરિક્ષમાં તેમની એન્ટી સેટેલાઈટ ટેક્નોલોજીનું સફળતાપૂર્વક પરિક્ષણ કર્યું. આ પરિક્ષણમાં ભારતે અંતરિક્ષમાં મિસાઈલને તોડી પાડવાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. સમાચાર એજન્સીનું કહેવું છે કે, એર માર્શલ રેક્રના અધિકારીની દેખરેખ હેઠળ બેંગ્લુરુમાં ડીફેન્સ સ્પેસ રીસર્ચ એજન્સીની સ્થાપના કરવામાં આવી રહી છે. આ એજન્સી આગામી સમયમાં દેશની ત્રણેય સેનાઓની અંતરિક્ષ સંબંધિત ક્ષમતાઓની જગ્યા લેશે. મહત્વનું છે કે, અંતરિક્ષ અને સાયબર હુમલાઓ સામે લડવા માટે મોદી સરકારે હાલના વર્ષોમાં વિશેષ તૈયારી કરી છે, અને તેના હેઠળ કેટલીક એજન્સીઓની પણ સ્થાપના કરી છે. આ સાથે જ દેશની અંદર અને બહાર બંન્ને તરફના ખતરાનો સામનો કરવા માટે સ્પેશિઅલ ઓપરેશન્સ ડિવિઝન પણ બનાવવામાં આવી રહ્યું છે.

## નવો શ્રમ કાયદો: સરકાર ૪૪ જૂના કાયદાને ૪ શ્રેણીઓમાં ગોઠવશે

**(એજન્સી) નવીદિલ્હી**

કેન્દ્રની મોદી સરકાર સંસદના આ સત્રમાં શ્રમ કાયદા સંબંધિત મહત્વપૂર્ણ બિલ લાવશે. જેમાં શ્રમ કાયદાઓમાં સંશોધન લાવવામાં આવશે. આ કાયદા સાથે જોડાયેલી મહત્વપૂર્ણ બેઠક ગૃહ મંત્રાલયમાં ગૃહપ્રધાન અમિત શાહની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં શ્રમપ્રધાન, કોમર્સ મિનિસ્ટર, નાણાંપ્રધાન અને પેટ્રોલિયમ પ્રધાને ભાગ લીધો હતો. ૪૪ વર્તમાન જૂન શ્રમ કાયદાને ૪ શ્રેણિઓમાં રાખવામાં આવશે અને કેટલાક જૂના કાયદાને દૂર પણ કરવામાં આવશે. આ મામલે સરકાર કેબિનેટ નોટ તૈયાર કરવાની પ્રક્રિયામાં છે. સૂત્રો અનુસાર લેબર રિફોર્મ સાથે જોડાયેલું આ બિલ પહેલું બિલ હશે કે જે નવી સરકાર સંસદના આ સત્રમાં લાવશે.

ક્રાઈમ & જસ્ટિસ

## તંત્રી લેખ......

# ભારત મહિલાઓ માટે સૌથી અસુરક્ષિત દેશ

છ વર્ષ પહેલાં દિલ્હીમાં એક વિદ્યાર્થિની પર બસમાં સામૂહિક બળાત્કાર થયો હતો અને બાદમાં તે વિદ્યાર્થિનીનું મૃત્યુ થયું હતું. શું તે ઘટના પછી ભારતમાં મહિલાઓ જાતીય હુમલાની બાબતમાં વધારે સલામત થઈ છે ખરી? ૨૦૧૨માં બનેલા તે બનાવના કારણે દેશભરમાં ભારે આક્રોશ ફેલાયો હતો. તેના કારણે ભારતીય રાજકારણમાં જાતીય હિંસાનો મુદ્દો અગત્યનો બન્યો હતો. આ ઘટનાના બે વર્ષ બાદ સત્તા પર આવેલી ભાજપ સરકાર એ બાબત પર ભાર મૂકતી રહી છે કે જાતીય હિંસાનો સામનો કરવા માટે વધારે કડક કાયદાઓ ઘડવામાં આવ્યા છે. પરંતુ વિપક્ષ કૉંગ્રેસ કહે છે કે પહેલાં કરતા પણ ભારતીય નારી વધારે અસુરક્ષિત છે. હવે વધુ સ્ત્રીઓ પોતાનાં પર થયેલા જાતીય હુમલાની ફરિયાદ કરવાં આગળ આવે છે અને બળાત્કારના કેસમાં કેટલીક વધારે આકરી સજાની જોગવાઈ કરવામાં આવી છે. આમ છતાં મહિલાઓ આજે પણ માત્ર જાતીય હુમલાની ફરિયાદ કરવાની બાબતમાં જ નહીં, પણ ન્યાય મળે તે બાબતમાં પણ મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. નેશનલ ક્રાઇમ રેકૉર્ડ્સ બ્યૂરોના ૨૦૧૬ સુધીના આંકડા દર્શાવે છે કે પોલીસમાં નોંધાતી બળાત્કારની ફરિયાદોમાં વધારો થઈ રહ્યો છે. દિલ્હીમાં ૨૦૧૨માં બસમાં ગૅંગ-રેપનો કિસ્સો બન્યો તે પછી બળાત્કારની ફરિયાદોમાં મોટો વધારો નોંધાયો છે. ફરિયાદોમાં વધારો થયો તે માટેનું એક કારણ આ બાબતમાં વધેલી સભાનતા પણ છે. આ ઉપરાંત એવા પણ પુરાવા મળે છે કે મહિલા પોલીસ અધિકારીઓની સંખ્યામાં વધારો થયાની પણ અસર થઈ છે. મહિલા પોલીસ સ્ટેશનો ખોલવામાં આવ્યા તેનાથી પણ ફરક પડ્યો છે. નાગરિકોમાં વધેલા આક્રોશને કારણે ૨૦૧૨માં કાયદામાં પણ ફેરફારો થયા હતા. બળાત્કારની વ્યાખ્યામાં ફેરફાર કરીને શરીરના કોઈ પણ ભાગ સાથે સેક્સ્યુલ ચેડાં કરવામાં આવ્યાં હોય તેનો પણ સમાવેશ કરી લેવાયો હતો. આ ઉપરાંત પીછો કરવો, છુપાઈને જાતીય ક્રિયાઓ કે અંગો જોવાં, એસિડથી હુમલો કરવો વગેરેને પણ ચોક્કસ ગુનાની વ્યાખ્યામાં આવરી લેવાયાં હતાં. તે માટે વધારે આકરી સજાની જોગવાઈઓ ૨૦૧૩માં કરવામાં આવી હતી. આ ઉપરાંત ગયા વર્ષથી ૧૨ વર્ષથી નીચેની ઉંમરનાં એટલે કે સગીર પર બળાત્કારનાં કિસ્સામાં ફાંસીની સજાની પણ મંજૂરી આપવામાં આવી છે. ૧૬ વર્ષથી નીચેની કિશોરી પર બળાત્કાર બદલ થતી કેદની લઘુતમ સજામાં પણ વધારો કરાયો હતો. જોકે, હજુ પણ એવા પુરાવા મળી રહ્યા છે કે દેશમાં જાતીય હિંસાના ઘણા કિસ્સાઓમાં ફરિયાદ થતી નથી. એક અખબારે ૨૦૧૫-૧૬ના ગુનાખોરીના સત્તાવાર આંકડા મેળવીને, તેની સરખામણી રાષ્ટ્રવ્યાપી પરિવાર આરોગ્યના સર્વે સાથે કરાયો હતો. આ સર્વેમાં સ્ત્રીઓને જાતીય હિંસાનો અનુભવ થયો હતો કે કેમ તેનો સવાલ પણ પૂછવામાં આવ્યો હતો. આવી સરખામણીમાં ખ્યાલ આવ્યો કે ખૂબ મોટા પ્રમાણમાં જાતીય હિંસાની ફરિયાદ થતી નથી. અહેવાલમાં વધુમાં જણાવાયું હતું કે આવા મોટાભાગના કિસ્સામાં હિંસા કરનાર પતિ હોય છે. સ્ત્રી જાતીય હિંસાનો ભોગ બને તેની સાથે હજુ પણ સામાજિક કલંક અને બીજી મુશ્કેલીઓ રહેલી છે. હ્યુમન રાઇટ્સ વૉચના એક અહેવાલમાં જણાવ્યા અનુસાર યુવતીઓ અને સ્ત્રીઓએ હજુ પણ પોલીસ સ્ટેશનમાં તથા હૉસ્પિટલમાં માનહાની જેવી સ્થિતિનો સામનો કરવો પડે છે. આ ઉપરાંત સ્ત્રીઓને હંમેશાં કાનૂની સહાય મળતી નથી કે સારવારમાં મદદ મળતી નથી. ૨૦૧૭માં ભારતની એક અદાલત વિવાદમાં આવી હતી, કેમ કે તેના ચુકાદામાં બળાત્કારનો ભોગ બનેલી યુવતીને જાતીય મુક્તાચારી ગણાવાઈ હતી, અને બીયર પીવા બદલ તથા પોતાના રૂમમાં કૉન્ડોમ રાખવાં બદલ તેની ટીકા કરાઈ હતી. બીજું, શું બળાત્કારની ફરિયાદ કરવામાં આવે તો સ્ત્રીને ન્યાય મળવાની શક્યતા હોય છે ખરી? સરકારી આંકડા જણાવે છે કે ૨૦૦૯થી ૨૦૧૪ દરમિયાન કૉંગ્રેસની આગેવાની હેઠળની સરકાર હતી, ત્યારે બળાત્કારની ફરિયાદના ૨૪%થી ૨૮% કેસ જ અદાલતમાં સાબિત થઈ શક્યા હતા. ભાજપની સરકારના પ્રથમ ત્રણ વર્ષમાં આ બાબતમાં ખાસ કોઈ ફરક પડ્યો નહોતો. અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે ૨૦૧૮માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ લેખ અનુસાર ગુનો સાબિત થવાના આ આંકડા માત્ર એવા કેસોના આધારે લેવાયા છે, જે કેસોમાં ચુકાદો આવ્યો હોય. આ લેખમાં જણાવ્યા અનુસાર છેલ્લા એક દાયકા દરમિયાન ભારતમાં નોંધાયેલા કુલ બળાત્કારના કેસોમાંથી માત્ર ૧૨%થી ૨૦% કેસોમાં જ ટ્રાયલ પૂર્ણ થઈ છે. ગુના સાબિત થવાનું પ્રમાણ ઓછું છે, તેના કરતાં તેમને એ બાબતની વધારે ચિંતા છે કે બળાત્કારના ગુના વધી રહ્યા છે. ગયા વર્ષે સરકારે જણાવ્યું હતું કે બળાત્કારના કેસોનો ભરાવો થયો છે, તેનો નિકાલ કરવા માટે ૧૦૦૦થી વધારે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવશે. ગયા વર્ષે જૂનમાં થૉમ્સન રોયટર્સ ફાઉન્ડેશને એવું જણાવ્યું હતું કે દુનિયામાં ભારત મહિલાઓ માટે સૌથી અસુરક્ષિત દેશ છે. અફઘાનિસ્તાન, સીરિયા અને સાઉદી અરેબિયા કરતાં પણ ભારત વધારે જોખમી દેશ હોવાનું જણાવાયું હતું. આવા સર્વે સામે ભારતમાં ભારે વિરોધ થયો હતો. સરકારે તથા વિપક્ષના પણ કેટલાક નેતાઓએ આવા તારણને નકારી કાઢ્યું હતું. નારી સંબંધિત મુદ્દાઓના જાણકાર દુનિયાભરના ૫૦૦થી વધારે વિશેષજ્ઞોના અભિપ્રાયના આધારે આ સર્વે તૈયાર કરાયો હતો. જોકે, સર્વે માટે જે પદ્ધતિ અપનાવાઈ હતી, તેની સામે ભારતના કેટલાક વિશેષજ્ઞોએ સવાલો ઉઠાવ્યા હતા. તેઓએ એ બાબત તરફ ધ્યાન દોર્યું હતું કે આ સર્વે આંકડાઓના આધારે તૈયાર નથી કરાયો કે પ્રયોગાત્મક સર્વે પણ નથી કરાયો. જાતીય હિંસાનો વ્યાપ કેટલો છે તે નક્કી કરવાનું ખૂબ મુશ્કેલ હોવાનું જણાવીને સર્વેમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે આ સમસ્યા કેટલી મોટી છે તે નક્કી કરવાનો કોઈ સારો માર્ગ ઉપલબ્ધ નથી. સરકારે ખુલાસો કરતાં જણાવ્યું હતું કે ફરિયાદ કરવા માટેની પ્રક્રિયા હવે સરળ બનાવાઈ છે, તેના કારણે ફરિયાદનો આંકડો વધ્યો છે. સરકારે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતમાં દર હજારની વસતિએ માત્ર ૦.૦૩ જેટલું બળાત્કારનું પ્રમાણ છે, જ્યારે અમેરિકામાં દર હજારે ૧.૨ જેટલું બળાત્કારનું પ્રમાણ છે. ભારતનીકુલ વસતિના પ્રમાણમાં ૨૦૧૬માં કુલ કેટલી બળાત્કારની ફરિયાદો નોંધાઈ તેના આધારે આ આંકડો આપવામાં આવ્યો હોય તેવું લાગે છે. અમેરિકામાં બળાત્કારના પ્રમાણનો આંકડો ૨૦૧૬ના સર્વેમાંથી લેવામાં આવ્યો હતો.

# પ્રખ્યાત હસ્તીઓની તરંગી માન્યતા





મોટાભાગનાં લોકો એમ જ વિચારતા હોય છે કે ફેમસ હસ્તીઓ કિંગ સાઈઝ લાઈફ એટલે કે વૈભવી જીવન જીવતા હોય છે અને તેમની આભાને કારણે તેમને આપણે સામાન્યથી અસામાન્ય બનાવી દઈએ છીએ પણ ખરેખર તો આપણે તે વાસ્તવમાં કેવા છે તે વાતને ભૂલાવી દેતા હોઈએ છીએ. ખાસ કરીને આ ફેમસ હસ્તીઓની કેટલીક એવી અજાણી વાતો આપણી જાણમાં આવે છે ત્યારે તેમનાં વિશેનાં ખ્યાલોમાં પણ પરિવર્તન આવે છે. આ પ્રખ્યાત હસ્તીઓ પાસે અઢળક ધન વૈભવ અને પારાવાર લોકપ્રિયતા છે પણ તેમની કેટલીક વાતો આપણને પણ હસતા હસતા લોટપોટ કરી મુકે તેવી હોય છે. માર્ક ઝુકરબર્ગનું નામ કોઇથી અજાણ્યું નથી જે હાર્વર્ડમાં અભ્યાસ કરતા હતા પણ ફેસબુકને કારણે તેમણે એ અભ્યાસ છોડી દીધો હતો. તેમનો એ નિર્ણય અયોગ્ય સાબિત થયો નથી કારણકે ફેસબુકને કારણે તે આજે વિશ્વનાં અબજોપતિઓમાં સ્થાન પામે છે. જો કે તે કુબેરપતિ છે પણ એ પણ હકીકત છે કે તે સનકી પણ છે. હાલમાં તેને જ્યારે કોંગ્રેસ સમક્ષ ખુલાસો આપવા માટે બોલાવ્યો ત્યારે અનેક લોકોને તેનું વર્તન એલિયન જેવું લાગ્યું હતું. તેના વિશેની માન્યતા ખોટી પણ નથી તેની કેટલીક આદતો ખરેખર તેને વિચિત્ર બનાવી દે તેવી જ છે. તે દર વર્ષે કેટલાક સંકલ્પ કરે છે જેને તે પુરો કરવાનો પ્રયાસ કરતો રહે છે અને ૨૦૧૧માં તેણે નક્કી કર્યુ હતું કે માત્ર એ પ્રાણીનું જ માંસ ખાશે જેણે તેના હાથે હલાલ કર્યુ હશે. તેની પાસે આ માટે ભારે સંખ્યામાં પ્રાણીઓ છે અને તેના મિત્રો તેને એ માટેની તૈયારી કરાવતા હોય છે. તે દરેક પ્રાણીને જાતે હલાલ કરે છે અને તેના દરેક અંગનો જાતે જ વિચ્છેદ કરે છે. રોનાલ્ડ રિગન તેમનાં સમયની એ જાણીતી હસ્તી હતા જે પ્રખ્યાત સેલિબ્રિટી હતા અને ત્યારબાદ અમેરિકાનાં રાષ્ટ્રપતિ પણ બન્યા હતા. જો કે તેમનાં સગા સંબંધી અને મિત્રો માટે તે અત્યંત ઉષ્માસભર વ્યક્તિ હતાં. જો કે તેમની સગા સંબંધીઓ અને મિત્રોને મળવાની અને તેમની તરફ પ્રેમ દર્શાવવાની આગવી રીત હતી તે તેમની નજીકની વ્યક્તિઓનાં કાનની બુટને સ્પર્શ કરવામાં માનતા હતા. કાન્યે વેસ્ટ અને કિમ કાર્દિશિયાને લગ્ન કર્યા હતા અને તેઓ એકબીજા સાથે ખાસ્સા પ્રસન્ન હતા હાલમાં તેઓ એક શોમાં પહોચ્યા હતા જેમાં કિમે સ્પાઈલ યોર ગટસ ઓર ફિલ યોર ગટસ નામની ગેમમાં ભાગ લીધો હતો. આ ગેમમાં હોસ્ટ અને ગેસ્ટ એકબીજાને વિચિત્ર પ્રશ્ન કરે છે અને જો જવાબ આપવામાં અસમર્થ રહે તો તેમને વિચિત્ર વસ્તુઓ ખાવાની સજા આપવામાં આવતી હતી આ શો દરમિયાન કિમે કાન્યે વેસ્ટ અંગે કેટલાક ખુલાસા કર્યા હતા જે તેમનાં ચાહકો માટે આંચકા સમાન હતા. કિમે જણાવ્યું હતું કે કાન્યે ગમે ત્યારે ગમે ત્યાં કોઈપણ સ્થિતિ કે જગાએ સુઇ જવાની વિચિત્ર ટેવ ધરાવે છે ક્યારેક તો તેનો ઈન્ટર્વ્યુ ચાલતો હોય ત્યારે પણ તે સુઇ જતો હોય છે. જ્યારે તેને આ અંગે પુછવામાં આવતું ત્યારે તેનો એક જ જવાબ રહેતો કે જેટલેગને કારણે તે આમ કરે છે વાસ્તવિકતા તો એ હોય છે કે તેણે આખા મહિના દરમિયાન ક્યારેય વિમાનની મુસાફરી કરી જ હોતી નથી. જેફ બેઝોસનું નામ પણ વિશ્વનાં ધનાઢયોની યાદીમાં સામેલ છે. તેમની એમેઝોન સાઇટ આજે સૌથી મોટી ઇ સ્ટોર સાઇટ માનવામાં આવે છે. જેફ બેઝોસ નાનપણથી જ વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવનાર વ્યક્તિ હતા. જ્યારે તે વાંચતા કે લખતા પણ શીખ્યા ન હતા ત્યારથી જ તેમણે એ દર્શાવી દીધુ હતું કે તે સામાન્ય નથી. જ્યારે તે નાના હતા ત્યારે તેમને ઘોડિયામાં સુવાનું ગમતું ન હતું પણ માતા પિતા તેમને ઘોડિયામાં જ સુવાડતા હતા પણ તેમણે મોટાબેડમાં સુવાનું વધારે ગમતું હતું આથી તેમણે જાતે જ સ્ક્રુડ્રાઈવર વડે જ્યારે કોઇ આસપાસ ન હતું ત્યારે તે ઘોડિયુ ખોલી નાંખ્યું હતું. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાનાં રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા અને તે વ્હાઈટ હાઉસમાં આવ્યા ત્યારે તેમની મુલાકાત તેમનાં તબીબ ડો. રોની જેકસન સાથે થઇ હતી અને રોનીને લાગ્યું હતું કે જો ટ્રમ્પ કેટલીક બાબતોનું અનુસરણ નહી કરે તો તે સ્થુળતાનો શિકાર થઇ જશે આથી તેમણે તેમનાં માટે ડાયેટ અને કસરત નક્કી કરી હતી. જેમાં ડાયેટની બાબતોનો તો ટ્રમ્પે સ્વીકાર કરી લીધો પણ કસરત તેમનાં માટે મુશ્કેલ બાબત હતી આથી તેમણે તબીબને એ સમજાવ્યું હતું કે તેમનાં માટે કસરત નુકસાનકારક સાબિત થાય તેમ છે. અમેરિકાનાં છઠ્ઠા રાષ્ટ્રપતિ જહોન ક્વીન્સી તેમનાં સમયમાં વિચિત્ર હસ્તી ગણાતા હતા. તેમનાં સમયમાં તેમણે કેટલાક ખાસ પગલા લીધા હતા જે રાષ્ટ્ર માટે ફાયદેમંદ સાબિત થયા હતા તેમણે તે સમયની જગતની મહાશક્તિઓ સાથે સંધિ કરવાની કામગિરી બજાવી હતી જેમાં એક હતી ઘેન્ટ ટ્રીટી જેણે ૧૮૧૨નાં યુદ્ધને સમાપ્ત કરી દીધું હતું. જો કે જહોન પણ કેટલીક વિચિત્ર આદતો ધરાવતા હતા તેમને રોજ સવારે પાંચ વાગ્યે પોટોમેક નદીમાં નગ્ન થઇને સ્નાન કરવાનું પસંદ હતું. જો કે ત્યારની એક મહિલા પત્રકાર એન્ને રોયલને રાષ્ટ્રપતિની આ આદત અંગે જાણ થઇ અને તેમણે તેમને આ અંગે સવાલ કરવાનું નક્કી કર્યુ હતું. તે માટે તે વહેલી સવારે નદીએ પહોંચી ગઇ હતી અને જ્યારે તે પાણીમાં ઉતર્યા ત્યારે તેણે તેમને સવાલ કર્યો હતો જેનો જવાબ આપવાનો જહોને ઈન્કાર કરતા તેણે જણાવ્યું હતું કે તેમનાં કપડા તેની પાસે છે અને તે કપડા ત્યારે જ આપશે જ્યારે તે તેને ઈન્ટર્વ્યુ આપશે અને રોયલ એ પહેલી મહિલા પત્રકાર હતી જેણે રાષ્ટ્રપતિની મુલાકાત લીધી હતી. એલિસિયમ એ હોલીવુડની જાણીતી સાયન્સ ફિકસન થ્રિલર મુવી છે જેમાં મેટ ડેમોને મુખ્ય ભૂમિકા ભજવી હતી અને લોકોને તે આ ભૂમિકા માટે એકદમ યોગ્ય અભિનેતા લાગ્યો હતો પણ જ્યારે આ ફિલ્મની કથા લખાતી હતી ત્યારે મુખ્ય ભૂમિકા માટે એમિનેમની નામની પસંદગી કરાઇ હતી અને જ્યારે તેને આ ફિલ્મની ઓફર કરાઇ ત્યારે તેણે આ ફિલ્મમાં કામ કરવાનો ઈન્કાર કર્યો હતો. તેનો આગ્રહ હતો કે તે એ શરતે જ આ ફિલ્મમાં કામ કરવા તૈયાર છે જ્યારે ફિલ્મનું શુટિંગ ડેટ્રોઈટમાં કરવામાં આવે તે પોતાનું હોમ ટાઉન છોડવા તૈયાર ન હતો. જો કે નિર્માતાઓએ તેની શરત માની ન હતી અને મેટ ડેમોનને લઈને ફિલ્મ બનાવી હતી જે બ્લોક બસ્ટર સાબિત થઇ હતી. લેડી ગાગા એ વિશ્વની જાણીતી પોપ સ્ટાર છે જેનાં કરોડો ચાહકો છે. જો કે તેની વિચિત્ર વેશભૂષા, એવા જ વિચિત્ર ડાન્સ અને ઉત્તેજક ડ્રેસને કારણે પણ ફેમસ છે. તેવામાં લોકોને તે યંગ જનરેશન માટે નુકસાનકારક લાગે તે આશ્ચર્ય નથી લોકો તેને અધાર્મિક ગણાવે છે પણ હકીકત એ છે કે લેડી ગાગા એ ચુસ્ત કેથોલિક છે અને તેણે પોતાનો અભ્યાસ પણ કેથોલિક સ્કુલમાં જ કર્યો હતો. તેની વિચિત્ર લાઈફસ્ટાઈલને જોતા તે સ્વચ્છંદ હોવાનું લોકોને લાગે છે પણ ગાગા તો લગ્ન પુર્વેનાં સેકસને પણ સ્વીકારતી નથી. બિલ ગેટસ એ હસ્તી છે જે વિશ્વનાં ધનાઢ્યોની યાદીમાં વર્ષો સુધી ટોપ પર રહ્યાં છે તે પોતાની કમાણીનો મોટો હિસ્સો દાનમાં આપતા રહે છે અને માત્ર તે જ આ કાર્ય કરે છે તેમ નથી તે અન્ય ધનાઢ્યોને પણ તેમ કરવાની પ્રેરણા પુરી પાડે છે. તે જ્યારે માઈક્રોસોફટમાં કામ કરતા હતા ત્યારે તે પોતાના કર્મચારીઓને નામથી યાદ રાખવાને બદલે તેમની નંબર પ્લેટ વડે યાદ રાખવાનું વધારે પસંદ કરતા હતા. તેના કારણે તેમને એ ખ્યાલ આવતો હતો કે કોણ વહેલા આવે છે કોણ મોડા આવે છે કોણ મોડા સુધી કામ પર રહે છે. જો કે તેમની આ આદત કર્મચારીઓને એટલી પસંદ ન હતી પણ તેના કારણે કંપનીને કોઇ નુકસાન થયું ન હતું અને તે વિશ્વની ટોચની કંપનીઓમાંની એક બની રહી હતી. અમેરિકાનાં પ્રારંભિક ઈતિહાસમાં યુલિસિસ ગ્રાન્ટનું નામ મહત્વપુર્ણ વ્યક્તિઓની યાદીમાં સામેલ છે. જો કે તેમનાં કાર્યોની સાથોસાથ તેમની વર્તણુંકને કારણે તેઓ ત્યારે વિચિત્ર બની રહ્યાં હતા. જો કે એક નેતા તરીકે તેઓ અદભૂત હતા અને દક્ષિણમાં વર્ચસ્વ સ્થાપિત કરવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. તે એક વોર હીરો હોવાને કારણે તેઓ રાષ્ટ્રપતિ તરીકે પણ લોકપ્રિય રહ્યાં હતા. તેમને કોઈપણ વ્યક્તિ તેમને નગ્ન હાલતમાં જુએ તે પસંદ ન હતું. ત્યારનાં સમયનાં હિસાબે આ વાત જરા વિચિત્ર હતી કારણકે ત્યારે તો ઘરનાં મોટાભાગનાં કામો નોકરો દ્વારા કરાતા હતા જેમાં માલિકને સ્નાન કરાવવાથી માંડીને તેમને કપડા પહેરાવવાનું કામ પણ નોકરો જ કરતા હતા આથી તેઓ પોતાનાં માલિકને નગ્ન હાલતમા જુએ તે સામાન્ય વાત હતી પણ ગ્રાન્ટને એ વાત જરાયે પસંદ ન હતી. તે પોતાના જ ટેન્ટમાં પોતાની જાતે જ સ્નાન કરવાનું પસંદ કરતા હતા. તેમનાં જીવનકાળમાં તેમની પત્ની અને તબીબ જ એ વ્યક્તિઓ હતા જેમણે ગ્રાન્ટને નગ્નાવસ્થામાં જોયા હતા.

# બ્રહ્માંડમાં પ્રચુર પ્રમાણમાં જીવન

પૃથ્વી પર જાતજાતનું જીવન છે. દરેક જીવનને પોતાની શોભા છે. કોઈક જીવન આપણને કદરૂપું લાગે પણ તે હકીકતમાં કદરૂપું નથી. તે કુદરતનું સર્જન છે. જાતજાતનાં ફળો, ફૂલો, વૃક્ષો આપણી પૃથ્વી પર છે. ગણ્યા ગણાય નહીં, વીણ્યા વીણાય નહીં તોય આપણી છાબડી (પૃથ્વી)માં માય. પૃથ્વી પર એવું કેટલુંય જીવન હશે જેની હજી સુધી આપણને જાણ નથી. એવી જડી-બુટ્ટી હશે જેની આપણને જાણ નથી, પૃથ્વી પર પહાડોની ખીણોમાં મહાસાગરના તળિયે અને બખોલમાં કેટલુંય એવું અજાણ્યું જીવન હશે જેની હજુ સુધી આપણને જાણ નથી. કેટલીય જાતના બેકટેરિયા પૃથ્વી પર અને અંતરીક્ષમાં હશે જેની આપણને જાણ નથી. જીવનના મુખ્ય ક્રમ જન્મે, મોટું થાય, વારસદાર ઉત્પન્ન કરે અને મૃત્યુને શરણ થાય. જીવન જીવવા કોઈ પ્રકારના ખોરાકની જરૂર પડે, શ્વાસોચ્છ્વાસ લેવો પડે. પથ્થર પણ શ્વાસોચ્છ્વાસ લે છે. તેના પર રંગ મારો, પેઈન્ટ લગાવો તો તે બરાબર શ્વાસ ન લઈ શકે અને કાળક્રમે ગૂંગળાઈ મૃત્યુ પામે. સર્જન અને વિનાશનો ક્રમ બ્રહ્માંડમાં ચાલ્યા જ કરે છે, પછી ગમે તે હોય. બ્રહ્માંડમાં કાંઈ જ શાશ્વત નથી. બ્રહ્માંડ પોતે પણ શાશ્વત છે કે તેને પણ મૃત્યુનું બંધન છે તે હજુ આપણને ખબર નથી પડતી, પણ બાકી બ્રહ્માંડની બધી જ વસ્તુને મૃત્યુ છે. મૃત્યુ એટલે વસ્તુમાંની ચેતનાનો અંત. આ ચેતના મૃત્યુ પામતી નથી. તે શાશ્વત છે. બ્રહ્માંડની ચેતના જ શાશ્વત છે. એ ચેતના બધાં ઘટમાં છે. તે જાય છે અને આવે છે. અહીં ઘટ એટલે જીવન. આ જ અર્થમાં નરસિંહ મહેતાએ ગાયું હતું કે બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. આ બ્રહ્મ એટલે ચેતના. પ્રાચીન સમયમાં મનાતું કે પૃથ્વી જ બ્રહ્માંડ છે પછી ખબર પડી કે પૃથ્વી તો સૂર્યનો માત્ર એક ગ્રહ જ છે. માટે લોકો અને વિદ્વાનો માનતા કે બીજા ગ્રહો પર પણ જીવન હોવું જોઈએ. પછી ખબર પડી કે સૂર્ય એક તારો છે અને બધા તારા સૂર્યો છે. જો સૂર્યને ગ્રહમાળા હોય અને તેમાં પૃથ્વી જેવો ગ્રહ હોય અને તેના પર જીવન હોય તો સૂર્ય જેવા તારાની ફરતે ગ્રહમાળા હોવી જોઈએ અને તેમાં પૃથ્વી જેવો એક ગ્રહ હોવો જોઈએ. પણ આપણી આકાશગંગામાં કેટલા તારા છે? ૫૦૦ અબજ. તેમાં વિજ્ઞાનીઓએ અભ્યાસ કરીને દર્શાવ્યું છે કે ૫૦ ટકા તારા સૂર્ય જેવા છે. એટલે કે ૨૫૦ અબજ તારા સૂર્ય જેવા છે. તેમાંથી પણ આપણે માત્ર ૧૦ ટકા જ લઈએ તો આપણી આકાશગંગામાં જ ૨૫ અબજ સૂર્યો છે જેને ગ્રહમાળા હોય અને તેમાં પૃથ્વી પર છે તેવા જીવનવાળો એક ગ્રહ હોય. માટે આપણી આકાશગંગામાં જ ૨૫ અબજ પૃથ્વીઓ હોવી જોઈએ જ્યાં જીવન સંભવી શકે. માટે બ્રહ્માંડમાં જીવન જગ્યાએ જગ્યાએ છે. બ્રહ્માંડમાં જીવનનો તોટો નથી. એ જે આપણી કે તેમની ક્ષમતા નથી કે હજુ સુધી આપણે તેમને અને તેઓ આપણને શોધી શક્યા નથી. તેની પાછળનું કારણ એ તારા (સૂર્યો) વચ્ચેનું વિશાળ અંતર છે. આ ક્ષમતા આપણામાં કે તેમનામાં આવશે ત્યારે આપણને બીજા જીવનનો સંપર્ક થશે. આ તો એવું છે કે મુંબઈમાં ફરતી કીડીને ન્યુ યોર્કમાં ફરતી કીડી વિષે જાણ કેવી રીતે થાય? આપણા બ્રહ્માંડમાં આપણી આકાશગંગા મંદાકિની જેની એક-બે મંદાકિનીઓ નથી. બ્રહ્માંડમાં ૧૦૦ અબજ મંદાકિનીઓ છે. કોઈમાં ૫૦૦ અબજ તો કોઈમાં ૧૦૦ અબજ, તો કોઈમાં ૫૦ અબજ તો કોઈમાં ૧૦૦૦ અબજ કે ૨૦૦૦ અબજ તારા છે. માટે બ્રહ્માંડમાં પ્રચુર પ્રમાણમાં જીવન છે. કુદરતે માત્ર આપણા માટે જ આ બ્રહ્માંડ, ૧૦૦ અબજ મંદાકિનીઓ, તેમાં હજારો અબજ તારા બનાવ્યા નથી. તેમ છતાં જીવન માટે બ્રહ્માંડ હોવું જરૂરી છે. બ્રહ્માંડમાં મંદાકિનીઓ હોવી જરૂરી છે, મંદાકિનીઓમાં અબજો તારા હોવા જરૂરી છે અને તારા ફરતે ગ્રહો હોવા જરૂરી છે. ત્યારે જઈને બ્રહ્માંડમાં જીવન અસ્તિત્વમાં આવે છે. આપણા જીવનને અસ્તિત્વમાં લાવવા કુદરતને આટલું બધું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવું પડે છે, તૈયારી કરવી પડે છે. ત્યારે જઈને બ્રહ્માંડમાં જીવન ઉત્પન્ન થાય છે. માટે જીવન ઘણું મોંઘું છે. તેને વેડફવું જોઈએ નહીં. પછી વિજ્ઞાનીઓને થયું કે પૃથ્વી જો સૂર્યનો માત્ર એક ગ્રહ જ હોય અને સૂર્યમાળામાં બુધ, શુક્ર, મંગળ, ગુરુ, શનિ, પણ ગ્રહો જ હોય તો તેના પર જીવન હોવું જોઈએ. માટે તેઓએ સૂર્યમાળાના બીજા ગ્રહોનો અભ્યાસ શરૂ કર્યો. દૂરબીન શોધાયા પછી આ અભ્યાસ વધારે સરસ બન્યો. તારા છે તો સૂર્યો, પણ એટલા બધા દૂર છે કે તે પ્રકાશબિન્દુ જેવા દેખાય છે, નજીકનો તારો આપણાથી ૪૫૦૦૦ અબજ કિલોમીટર દૂર છે. તેની ફરતે ગ્રહો હોય તો તે જોવા ખરેખર મુશ્કેલ છે. તારાની ફરતે પરિક્રમા કરતો ગ્રહ આપણી અને તારાની વચ્ચે આવે છે ત્યારે તે સૂક્ષ્મપ્રમાણમાં પણ તારાના પ્રકાશને અવરોધે છે. આ જાણી વિજ્ઞાનીઓ દૂરના તારાની ફરતે ગ્રહો છે કે નહીં તે શોધે છે. હાલ સુધીમાં ૧૦૦૦ આવા ગ્રહો બીજા તારા ફરતે પરિક્રમા કરતા મળી આવ્યા છે. પણ તેમાંના ૯૯ ટકા ગ્રહો ગુરુ કરતાં દશ-વીસ ગણા સાઈઝમાં મોટા અને દશ-વીસ ગણા ભારે છે. માટે તેના પર જીવન હોવાની સંભાવના નથી. આપણે એવા ગ્રહો ગોતવા જોઈએ જેનું વજન, સાઈઝ અને વાયુમંડળ પૃથ્વી જેવાં હોય એટલું જ નહીં, તે તેના પિતૃતારાથી એવા અંતરે હોવા જોઈએ કે ત્યાં વધારે ગરમી ન પડે અને ઠંડી પણ ન પડે. એટલે કે તે ઈકોઝોન, જીવનઝોનમાં હોવા જોઈએ. હાલમાં વિજ્ઞાનીઓને બે-ત્રણ આવા ગ્રહ મળ્યા છે, ખરા પણ દૂરથી તેની ફરતે વાયુમંડળ છે કે નહીં, પાણી છે કે નહીં તે જાણવું અઘરું છે. આપણી માન્યતા મુજબ પાણી જ જીવન છે. પણ બહાર જીવન એવું પણ હોય જેને પાણી ઝેર લાગે, ઓક્સિજન ઝેરી વાયુ લાગે. તેમને કાર્બનડાયોક્સાઈડ જીવનવાયુ લાગે. આપણું જીવન હાઈડ્રોકાર્બન પર આધારિત છે. ક્યાંક જીવન એવું પણ હોય જે સિલિકેટ (રેતી) પર આધારિત હોય. કોઈ જીવન એવું પણ હોય જેનો આહાર લોખંડ હોઈ શકે. આપણી ગ્રહમાળામાં પૃથ્વી પર જીવન છે, અને પૃથ્વી સૂર્યમાળાનો એક ગ્રહ જ છે. તો સૂર્યમાળાના બીજા ગ્રહો પર પણ જીવન હોવું જોઈએ. બુધ, શુક્ર, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નેપચ્યૂન અને પ્લુટો પર પણ જીવન હોવું જોઈએ. તેથી વિજ્ઞાનીઓએ મોટાં મોટાં દૂરબીનો અને વિવિધ પ્રકારનાં ઉપકરણોથી આ બધા ગ્રહોનો અભ્યાસ શરૂ કર્યો. વિજ્ઞાનીઓએ જોયું કે બુધ ગ્રહ પર તો જરા પણ વાયુમંડળ નથી અને ઉષ્ણતામાન ૪૦૦ અંશ સેલ્સિયસ છે માટે ત્યાં જીવન શક્ય નથી. શુક્ર પર પૃથ્વી પર જે વાયુમંડળ છે તેના કરતાં સો ગણું ઘટ્ટ વાયુમંડળ છે અને ત્યાં વાયુમંડળમાં કાર્બનડાયોક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ જેવા ગ્રીનહાઉસ વાયુઓ છે અને ઉષ્ણતામાન ૫૦૦ અંશ સેલ્સિયસ છે. ત્યાં વરાળ નહીંવત્ છે અને વાયુમંડળમાં સલ્ફયુરિક એસિડના ટ્રેસીસ છે માટે ત્યાં પણ જીવન શક્ય નથી. ગુરુ, શનિ, યુરેનસ અને નેપચ્યૂન વાયુમય ગ્રહ છે માટે ત્યાં પણ જીવન શક્ય નથી અને હોય તો તેના વાયુમંડળમાં બેક્ટેરિયા હોઈ શકે. આ બધા મોટા ગ્રહના વાયુમંડળમાં મિથેન, ઈથેન, અમોનિયા, હાઈડ્રોજન જેવા વાયુઓ છે, પાણી છે. ત્યાં જીવનરસ તો છે માટે આપણા જેવું વિકસિત તો જીવન નથી, પણ બેક્ટેરિયાના રૂપમાં જીવન હોવાની શક્યતા છે. પ્લુટો સૂર્યથી છ અબજ કિલોમીટર દૂર છે અને ઘણો નાનો આકાશીપિંડ છે. ત્યાં સૌર ઊર્જા બહુ જ ઓછી પહોંચે છે અને ઉષ્ણતામાન ઓછા ૨૬૦ અંશ સેલ્સિયસ જેટલું છે માટે ત્યાં જીવન હોવાની શક્યતા નથી.

• Printer / Publisher / Owner / Editor : Jayantilal G. Patel • Printed : Namasvi Offset, Plot No. K-1/906/8, GIDC, Sector-28, Gandhinagar (GUJARAT) 382 028 • Published : 229, At. Post. Chiloda, Ta. & Dist. Gandhinagar (GUJARAT) 382355

# રાજનાથસિંહની ચડતી અને પડતી અને ફરી ચડતી

રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારની શપથવિધિની તૈયારીઓ થઈ ગઈ હતી. એક પછી એક મહેમાનો આવવા લાગ્યાં હતાં. એક તરફ સ્ટેજ બનાવાયું હતું, જ્યાં પ્રધાનો બેસવાના હતાં. સ્ટેજ પર એક પછી એક પ્રધાનો આવીને બેસવા લાગ્યાં હતાં. પ્રથમ બે હરોળમાં કેબિનેટ કક્ષાના પ્રધાનો બેસવાના હતાં, ત્રીજી હરોળમાં રાજ્યકક્ષાના પ્રધાનો. પરંતુ પ્રથમ પાંચેક ખુરશીઓમાં કોણ બેસશે તેના પર નજર હતી. ગડકરી આવીને બેઠાં અને તેમનાથી આગળની બેઠકમાં સદાનંદ દેવેગૌવડા બેઠાં હતા. જાણકારોએ કમેન્ટ કરી કે ગડકરીને એક ડગલું પાછળ મોકલાયાં છે.સુષ્મા સ્વરાજ આવ્યાં અને તેઓ મહેમાનો માટેની ખુરશીઓ તરફ જઈને બેઠાં. નક્કી થઈ ગયું કે તેઓ પ્રધાન બનવાના નથી. અરૂણ જેટલી આવ્યાં જ નહી એટલે નક્કી થઈ ગયું કે ખાતાં વિનાના પ્રધાન પણ તેઓ બનશે નહીં. અમિત શાહ આવ્યાં અને સૌએ જોયું કે તેઓ ત્રીજા નંબરની ખુરશી પર જઈને બેઠાં. ઓકે તો હજી પણ રાજનાથસિંહ, કમ સે કમ સત્તાવાર રીતે તો નંબર બેના સ્થાને રહેશે. થોડીવારમાં રાજનાથસિંહ પણ આવીને બીજા નંબરના ક્રમે બેઠાં અને છેલ્લે વડાપ્રધાને પ્રથમ ખુરશી પર સ્થાન ગ્રહણ કર્યું.આ બેઠક વ્યવસ્થા પ્રમાણે રાજનાથ સિંહનું માન જળવાશે તેમ લાગતું હતું, પણ બીજા દિવસે વળી ચિત્ર બદલાયું. ધાર્યા પ્રમાણે જ અમિત શાહને ગૃહ પ્રધાન બનાવાયાં. નાણાં ખાતું આશ્ચર્યજનક રીતે નિર્મલા સીતારમણને મળ્યું. નાણાં ખાતામાં શાહ અને રાજનાથ સિંહ ગૃહ ખાતામાં રહ્યાં હોત તો સત્તાવાર રીતે રાજનાથ સિંહ અને વ્યવહારમાં અમિત શાહ નંબર ટુની વ્યવસ્થા ચાલતી રહી હોત. ગૃહ પ્રધાન બનવા સાથે અમિત શાહ સ્પષ્ટ નંબર ટુ દેખાવા લાગ્યા. એટલું જ નહીં, બે દિવસ પછી તેમણે ચાર પ્રધાનોને પોતાને ઘરે મળવા બોલાવ્યાં. અન્ય પણ કેટલીક બેઠકો કરી. નરેન્દ્ર મોદીના બદલે બેઠકો અમિત શાહે લીધી, તેથી સૌને મેસેજ મળ્યો કે અસલી નંબર ટુ અમિત શાહ જ છે.વાત આગળ વધી અને કેબિનેટ કમિટીઓની રચના થવા લાગી. મહત્ત્વની બાબતોમાં નિર્ણય લેવા માટે જુદા જુદા પ્રધાનોની એક સમિતિ બનતી હોય છે. સલામતી બાબતોની સમિતિ, નાણાં અને રોજગારી બાબતોની સમિતિ વગેરે. તેમાં પ્રધાનો નીમાય તે મહત્ત્વનાં ગણાય.કુલ આઠ સમિતિઓ બની તે આઠે આઠેમાં અમિત શાહ હતાં. નરેન્દ્ર મોદી પોતે માત્ર છ સમિતિઓમાં જ રહ્યાં હતાં. અમિત શાહનું વજન એક જ અઠવાડિયામાં ખૂબ વધી ગયું હતું. વજન એટલે રાજકીય વજન. બીજી બાજુ રાજનાથ સિંહને કેટલીક અગત્યની સમિતિઓમાં સ્થાન ન મળ્યું. માત્ર બે જ સમિતિઓમાં તેમને સ્થાન મળ્યું હતું. એક જ અઠવાડિયામાં રાજનાથનું વજન ઘટી ગયું. વજન એટલે રાજકીય વજન. જોકે બે જ દિવસમાં સરકારે પીછેહઠ કરવી પડી અને રાજનાથને હવે છ કેબિનેટ સમિતિઓમાં સ્થાન મળ્યું છે. વડાપ્રધાન પણ છ સમિતિમાં છે. હજી પણ અમિત શાહ આઠે આઠ સમિતિઓમાં છે, પરંતુ આરએસએસે મોદી સરકારના કાન આમળીને રાજનાથને તેમનું માન જળવાય તેવું સ્થાન સમિતિઓમાં અપાવ્યું છે તેમ માનવામાં આવે છે.રાજનાથ સિંહને ગૃહ ન મળ્યું અને સંરક્ષણ મળ્યું ત્યાં સુધી ઠીક હતું. બિનસત્તાવાર રીતે અમિત શાહ નંબર ટુ બની રહે ત્યાં સુધી પણ રાજનાથ સિંહ માટે વાત ઠીક હતી. રાજનાથ સિંહ રાજકીય જીદ ન કરવા માટે જાણીતાં છે. તેઓ પોતાનું કદ જાણે છે. અડવાણી આડા ચાલ્યાં અને નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના દાવેદાર તરીકે આગળ ન કરવાની જીદ કરી ત્યારે રાજનાથ સિંહ મોદી સાથે રહ્યાં હતાં. રાજનાથ સિંહને પક્ષના પ્રમુખ બનાવાયાં હતાં. અમદાવાદમાં સભા હતી, તેમાં રાજનાથ સિંહ પ્રોટોકોલ તોડીને વચ્ચે બોલવા ઊભાં થયાં. તેમણે કહ્યું કે આજે દેશમાં નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા છે. તેથી ભલે પોતે પક્ષપ્રમુખ રહ્યાં અને નરેન્દ્ર મોદી માત્ર મુખ્ય પ્રધાન, પણ પોતે વચ્ચે ઊભા થઈને બોલશે અને છેલ્લે નરેન્દ્ર મોદી બોલશે.રાજનાથ સિંહ આ રીતે રાજકીય વાસ્તવિકતા વધારે સહજ રીતે સ્વીકારતા થયાં હતાં તેના કારણે તેમનું સ્થાન ટકી રહ્યું. અડવાણીને તદ્દન કોરાણે કરી દેવાયાં, જ્યારે મુરલી મનોહર જોષીની બેઠક વારાસણીથી બદલી નખાઈ. આ વખતે તે બંનેને ટિકિટ અપાઈ નથી અને માત્ર સંસદીય પક્ષની બેઠકોમાં મંચ પર બેસાડીને શોભાના પૂતળા તરીકે બંને નેતાઓને બેસાડાયાં હતાં. એનડીએના સંસદીય પક્ષની બેઠકમાં વડાપ્રધાનનું નામ નેતા તરીકે સૂચવવાનું કામ પણ રાજનાથ સિંહને સોંપાયું હતું. પરંતુ ધીમે ધીમે રાજનાથ સિંહને પણ બિનમહત્ત્વના કરી દેવાની મોદી અને શાહની પ્રવૃત્તિઓને કામચલાઉ બ્રેક મારવામાં આવી છે.અરૂણ જેટલી અને સુષ્મા સ્વરાજ પ્રધાનો તરીકે છે નહીં ત્યારે અમિત શાહનો દબદબો મોદી પ્રધાનમંડળમાં છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. તેઓ એવી રીતે કામ કરી રહ્યાં છે કે જાણે તેઓ નાયબ વડાપ્રધાન હોય. નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે ૧૫ વર્ષ પૂરા કરે તે પછી યોગીને વડાપ્રધાન બનાવવાના મનસૂબા સંઘ પરિવારના છે. બ્રાહ્મણ વત્તા બનિયાનું કૉમ્બિનેશન હાલ પૂરતું ચાલે છે, પણ મૂળ વર્ણવ્યવસ્થા પ્રમાણે બ્રાહ્મણ વત્તા ક્ષત્રિય વ્યવસ્થા જૂનવાણી લોકોને વધારે ફાવે તેવી છે.પરંતુ એવી ધારણા છે કે નરેન્દ્ર મોદી પોતાના અનુમાગી તરીકે અમિત શાહને તૈયાર કરી રહ્યાં છે. પક્ષમાં, સંગઠનમાં તેમનું સ્થાન એવી રીતે મજબૂત કરી રહ્યાં છે કે આગામી દાયકામાં તેમની સામે બીજા કોઈ નેતાનું કદ મોટું રહે નહીં.રાજનાથ સિંહ આમ જુઓ તો અમિત શાહના સ્પર્ધક નથી. તેમનું રાજકારણ હવે વધુમાં વધુ એક દાયકાનું છે. એક દાયકો મોદી રહેવાના છે તેમ ધારીએ તો ગડકરી, સદાનંદ, સીતારમણ વગેરે કરતાં અમિત શાહ આગળ નીકળી શકે છે. તેમની સામે યોગી ઉપરાંત ફડણવીસ જેવા કેટલાક મુખ્યપ્રધાનો સ્પર્ધા કરી શકે છે. પરંતુ રાજનાથ સિંહ વધુ પાંચ વર્ષ નંબર ટુ પર રહે તો તેમનું કદ સ્વાભાવિક છે વધી શકે છે. રાજકારણમાં ૮૦ વર્ષની ઉંમરે પણ વડાપ્રધાન થઈ શકાય છે એટલે સંભવિત સ્પર્ધાને પણ નાબૂદ કરવા માટે રાજનાથસિંહનું સિમ્બોલિક નંબર ટુનું સ્થાન પણ નાબૂદ કરવાની ગણતરી કદાચ હતી. રાજનાથસિંહે ભૂતકાળમાં પણ દર્શાવ્યું છે કે તેઓ રાજકીય વાસ્તવિકતા સાથે કામ કરવા તૈયાર હોય છે. મોદીને તેમણે સહજતાથી નેતા તરીકે સ્વીકાર્યા હતાં. કદાચ અમિત શાહ અને યોગીને પણ સ્વીકારે અથવા ઉંમર પ્રમાણે દસ વર્ષ પછી સુષ્મા અને ઉમાની નિવૃત્તિ પણ સ્વીકારી લે. પણ રાજકારણમાં હંમેશા જો અને તો રહેતાં હોય છે. તેથી જ જો અને તોને ધ્યાનમાં રાખીને રાજનાથસિંહ એટલા મહત્ત્વના નેતા નથી તેવું સાબિત કરવાની કોશિશ થઈ, પણ સામા પક્ષે રાજનાથસિંહ અને સંઘે અત્યારે કહ્યું છે કે અમે પણ હજી મહત્ત્વના છીએ. જોઈએ હવે આગળ આ રાજકીય ખેંચતાણ કઈ રીતે ચાલે છે.રાજનાથસિંહે સંરક્ષણ મંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ તેમની સામે અનેક મોટા પડકારો દેખાઈ રહ્યા છે. ચીન અને પાકિસ્તાન જેવા દેશો તરફથી ખતરાના પડકારોને પહોંચી વળવાથી લઈને ભારતના સંરક્ષણ-ઔદ્યોગિક આધારને વધારી દેવાનો પણ તેમની સામે પડકાર છે. ભારત દુનિયામાં સૌથી મોટા હથિયાર આયાત કરનાર દેશ તરીકે છે. નાના હથિયારોથી લઈને મોટા સંરક્ષણ સાધનો સુધી ભારત અન્ય દેશોમાંથી આયાત કરે છે. આવી સ્થતિમાં ભારતને આ પ્રકારની છાપમાંથી બહાર નિકળવાનો પડકાર રહેલો છે. દેશના સંરક્ષણ પેઢીઓને આશા છે કે, રાજનાથસિંહ દિગ્ગજ ફુલટાઈમ મંત્રી બન્યા બાદ લશ્કરી આધુનિકીકરણની સાથે સાથે લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કેટલાક નેતા સંરક્ષણ સુધારોમાં ગતિ આવશે. લશ્કરી આધુનિકીકરણની જરૂરીયાત દેખાઈ રહી છે. આ ઉપરાંત ત્રણેય સેવાઓના એક પ્રમુખ જેવા મૂળભૂત માળખાકીય સુધારને લઈને પણ રજૂઆત થઈ રહી છે. મોદીના નેતૃત્વમાં પ્રથમ એનડીએ સરકાર ૨૦૧૪માં બની ત્યારે આવા પડકારોને પહોંચી વળવા માટે કેટલાક પગલા લેવાયા હતા. અલબત્ત દેશને સંપૂર્ણ સંરક્ષણ મેઈન્ટેનન્સ માટે જે સાર્થક સુધારાઓની જરૂર છે તેવા પગલા હજુ સુધી લઈ શકાયા નથી. પહેલા જે પગલા લેવામાં આવ્યા હતા તે મંત્રાલયમાં વારંવાર ફેરફારના કારણે પેન્ડિંગ રહી ગયા હતા. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં અરુણ જેટલી બે વખત સંરક્ષણ મંત્રી બન્યા હતા. ત્યારબાદ મનોહર પારીકર અને નિર્મલા સીતારામન પણ આ જવાબદારી સંભાળતા રહ્યા હતા. રાજનાથસિંહનું રાજકીય કદ ખુબ મોટુ છે. આજ કારણસર તેઓ કેબિનેટ કમિટિ ઓન સિક્યુરિટીમાં જારદાર રજૂઆત કરી શકશે. અનેક સંરક્ષણ પ્રસ્તાવ નાણા મંત્રાલયમાં અટવાઈ પડે છે. આ વખતે નિર્મલા સીતારામનની પાસે નાણાંમંત્રાલય છે જે ૨૦ મહિના સુધી સંરક્ષણ મંત્રી રહી ચુક્યા છે. આવી સ્થતિમાં નિર્મલા સીતારામન મંત્રાલયની જરૂરિયાતને સારી રીતે સમજે છે. રાજનાથસિંહને સંરક્ષણ સચિવ સંજય મિત્રાથી મદદ મળશે. સંરક્ષણ મંત્રી તરીકે રાજનાથસિંહને જે બાબતને પ્રાથમિકતા આપવાની જરૂર છે તેમાં સુરક્ષા દળો માટે પુરતા પ્રમાણમાં દારુગોળાની વ્યવસ્થા કરવાનો છે. કેટલાક સોદાઓ ઉપર હસ્તાક્ષર થઈ ચુક્યા છે અને કેટલાક સોદાઓ હજુ પાઈપલાઈનમાં છે. સંરક્ષણ મંત્રી તરીકે તેમની સામે શ્રેણીબદ્ધ નવા પડકારો રહેલા છે.



# આગામી પાંચ વર્ષ વિકાસનાં બની રહે તેવી અપેક્ષા

લોકસભાની ચૂંટણી અને એના પરિણામને જોતા ૨૦૧૯ ભારતીય ઈતિહાસમાં ઘણું મહત્ત્વનું વર્ષ કહી શકાય. ભારતીય પ્રજાએ નરેન્દ્ર મોદીના હાથમાં સુકાન સોંપીને, પોતાની કોઠાસૂઝ અને અક્કલનું ખૂબ પ્રભાવી ઉદાહરણ રજૂ કર્યું છે. મહાભારતના યુદ્ધમાં પાંડવોના વિજયમાં સારથી તરીકે ભગવાન શ્રી કૃષ્ણની પસંદગીએ ખૂબ મોટો ભાગ ભજવ્યો એમ કહી શકાય. કેટલાકનું તો માનવું છે કે તેમના વિજયનું એ એકમાત્ર કારણ હતું. ઘણાં લાંબા સમયથી ભારતની પ્રજા કોઈ સમર્થ નેતા-સારથી-સૂત્રધારની ખોજમાં હતી, પણ એવો કોઇ વિચારોથી કટીબદ્ધ, વ્રતનિષ્ઠ સમર્થ શાસક નહોતો મળી રહ્યો. પરમાત્માએ નરેન્દ્રભાઈ મોદીને મોકલીને ભારતીય તત્ત્વધારા પર નિર્ભર અને મૂળતઃ સનાતન સંસ્કારોથી સુસંસ્કૃત થયેલી આ પ્રજા પર કૃપા કરી છે.તત્ત્વચિંતક લેખક ઓલવીન ટોફલરે વિશ્ર્વને ભવિષ્યમાં વૈશ્વિક નેતૃત્વનાં અભાવનો સામનો કરવો પડશે એવો ઉલ્લેખ કર્યો છે. એક સમર્થ નેતૃત્વની ખોટ. ભવિષ્યમાં વિશ્વ સમક્ષ જો કોઈ મોટી સમસ્યા હશે તો સમગ્ર વિશ્વ જેને માની શકે, જેનું અનુકરણ અને અનુશીલન કરી શકે તેવો કોઈ નેતા નહીં મળે. નેતા શબ્દનું મૂળ સંસ્કૃત 'નથ' ધાતુમાં છે. નયતિ હતિ નેતા - જે દોરી જાય - રાહ બતાવે - લઈ જાય તે નેતા.આજે સમગ્ર વિશ્વ ઘણી જાતની મૂળભૂત સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે, જેમાં સૌથી મહત્ત્વનું હોય તો એ વિશ્વ શાંતિ છે. આનો એકમાત્ર ઉકેલ ભારતીય તત્ત્વજ્ઞાનના મૂળ એવા વેદાંતમાં છે અને એ છે વિવિધતામાં એકતા. સમગ્ર વિશ્વ એક માત્ર પરમાત્માની અભિવ્યક્તિ છે જેમાંથી જ જન્મે છે વિશ્વ બંધુત્વનો વંદ્યવિચાર. અલબત્ત એ કેવળ ગ્રંથમાં ન રહેતા વ્યવહારમાં આવવો જોઈએ.એક એવી વ્યક્તિ જે વિશ્વ શાંતિ અને વિશ્વ બંધુત્વના વિચારની પૂજક હોય અને જે મનસા - વાચા - કર્મણા સ્થાપિત કરવા કટિબદ્ધ હોય. આવો સમર્થ કર્તવ્યનિષ્ઠ શાસક જ આ વિચારોને સેવાના માધ્યમથી લોક હૃદયમાં પ્રજ્વલિત કરી શકે. પરમાત્મા દ્વારા પુરસ્કાર પામેલી એ પ્રભાવી વ્યક્તિ એટલે નરેન્દ્રભાઈ મોદી. લોકસભાની ચૂંટણી પછી ચૂંટાયેલા એન.ડી.એ.ના સંસદસભ્યો સમક્ષ આપેલા પ્રવચનમાં નરેન્દ્ર મોદીએ એમના વિચારોને ખૂબ જ સ્પષ્ટતાથી વ્યક્ત કર્યા હતા. તેમણે જ્યારે પહેલીવાર સંસદ સદનમાં પ્રવેશ કર્યો ત્યારે જાણે લોકશાહીના એક પવિત્ર મંદિરમાં પ્રવેશ કરતા હોય એમ ભવનના પગથિયા પર મસ્તક મૂકીને વંદન કર્યા હતા. બીજીવાર જ્યારે સંસદ સભ્યોને સંબોધન કરવા આવ્યાં ત્યારે દેશના બંધારણને મસ્તક નમાવી પ્રણામ કરીને 'મારી બુદ્ધિ પણ આની સામે ઝૂકે છે. હું પણ આ પુસ્તકની આજ્ઞાથી બાધ્ય છું અને એને સર્વોત્તમ માનું છું. એનું રક્ષણ અને પાલન કરવા બંધાયેલો છું' એમ કહીને આવી પ્રતિજ્ઞાનું ખૂબ સચોટ અને બોધક મૂકદર્શન સંસદસભ્યો અને દેશને કરાવ્યું. રઘુવંશથી માંડીને ભારતીય ઈતિહાસમાં ઘણાં રાજાઓ આવ્યાં એમાંના ઘણા લોકહૃદયમાં ઉચ્ચ સ્થાન પામ્યા. એટલે માટે કે એ હતા તો રાજા પણ રહ્યાં પ્રજાના સેવક થઈને અને તેમણે એક ઉદાત્ત રાજ્ય કર્યું. પ્રજાની ઉન્નતિ અને ઉત્કર્ષ કર્યા. નરેન્દ્રભાઈએ શ્રી રામકૃષ્ણ પરમહંસનો ઉલ્લેખ કરતાં કહ્યું કે રામકૃષ્ણ કહેતા કે જીવ જ શિવનું સ્વરૂપ છે. એની સેવા એટલે જ પરમાત્માની સેવા. સ્વામી વિવેકાનંદને આ ઉપદેશમાં વેદાંતના અદ્વૈતનું અને ભક્તિના પ્રેમનું સુભગ મિલન દેખાયું. દેશના દરિદ્ર બાંધવોને નારાયણ તરીકે જોયા. એક એમના હૃદયમાં વિચાર પ્રગટયો દરિદ્ર નારાયણનો. આ વિચાર પુસ્તકમાં અને ઉપદેશમાં તો ખૂબ સુંદર અને મહાન લાગે પણ આવું વ્યવહારિક આચરણ નરેન્દ્રભાઈએ ખૂબ જ નિષ્ઠાથી કર્યું.શૌચાલયનું એલાન લાલકિલ્લાથી કર્યું. તેમના આ દૃઢ સંકલ્પનું વિશ્વને અચરજ થયું. સમગ્ર વિશ્વ પણ નોંધ લેતું હોય ત્યારે સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને દિવસે રાષ્ટ્રને સંદેશ આપતા વડા પ્રધાન પોતાના સંકલ્પોમાંના એક એવા શૌચાલયની ઘોષણા કરે એ વાત માટે બધાને અચરજ થયું જે સ્વાભાવિક કહેવાય. આ રજૂઆતને માત્ર એક નિર્ણયથી જોવાને બદલે એ ઘોષણામાં ભારતની કેટલીય માતાઓ, ભગિનીઓ, વૃદ્ધો તેમ જ સામાન્ય જનોની અકથ્ય વેદના તરફ જોવાનો કારુણ્ય પૂર્ણ અભિગમ હતો એ સમજવું જોઈએ. એ બધાને સાર્થક કરી બતાવ્યું અને આ હતો સમગ્ર સ્વચ્છતા અભિયાનના દોરનો એક ખૂબ જ મહત્ત્વનો અંશ. સમગ્ર પ્રજાનું આંતર મલિનત્વ અને બર્હિમલિનત્વ ને દૂર કરવાનો એક સબળ પ્રયાસ હતો.દૂર સુદૂર સુધી વિદ્યુત પહોંચાડીને અનેકનાં ઘરોમાં પ્રકાશથી ઉજાસ પાથર્યો. લાખો પ્રજાજનોના મનમાં કદાચ પ્રશ્ન હતો કે આ જીવનમાં વ્યાપેલા અંધકારમાં એમના ઘરમાં પ્રકાશ આવશે કે નહીં?બહેનો એવમ્ માતાઓની આંખો જે કષ્ટ અને છાણાના અગ્નિનાં ધુમાડાથી પાણી વહેવડાવતી ત્યાં રાંધણ ગૅસથી અન્નપૂર્ણાનો અગ્નિ પ્રગટાવ્યો.પ્રધાનમંત્રી નિવાસ યોજના હેઠળ લાખો લોકો ગૃહસંપન્ન થયા. 'આ મારું ઘર' એનો સંતોષ અને એની પ્રસન્નતા શું હોય તેની તો કલ્પના કરવી પણ મુશ્કેલ છે. બાલ્ય અવસ્થામાં દારૂણ ગરીબીનો અનુભવન તેમ જ માતા પિતાના મન અને કાયાના કષ્ટો નરેન્દ્રભાઈએ અનુભવ્યાં છે. એના પરત્વે મૂક સાક્ષી અને સહન કરનાર બની ન રહેતા, તેના નિવારણનો કેવળ પોતાના પૂરતો નહીં પણ સર્વજન દુઃખ પરિહારનો દૃઢ સંકલ્પ ઉપરના પ્રકલ્પોમાં મૂર્તિમંત થતો દેખાય છે.નગરો - ગામો - શહેરો અને પ્રાંતોને જોડતા માર્ગોના કામોમાં પણ ખૂબ જ ગતિ લાવ્યાં. આ બધામાં ક્યાંય કોઈ પણ પ્રકારનો ભેદ રાખ્યો નથી. દેશવાસીઓને દેશના પ્રસાદરૂપે આપ્યું.સંસદસભ્યોને સંબોધન કરતા એમણે સેવા ધર્મનો ઉલ્લેખ કર્યો. માર્મિક રીતે કહ્યું કે, 'આપણે બધા જ સેવક છીએ પણ કોઈકે તો લગામ - ધૂરા સાચવવી પડે. માટે તમે બધાએ મને પ્રધાન સેવકની જવાબદારી આપી. અપયશમાં હું અને યશમાં આપણે સાથે. પૈસા, પ્રસિદ્ધિ કે પદ કરતાં પ્રામાણિકતા, પાવિત્ર્ય, અને પૂર્ણ કર્તવ્યનિષ્ઠા એ અપેક્ષિત છે અને એક એ જ અસરકારક છે.કોઈપણ વડા પ્રધાન પોતાના સાથીઓ પાસેથી કયા ઉચ્ચ મૂલ્યોની અપેક્ષા રાખે છે એનું સ્પષ્ટ દર્શન કરાવતું એ સંબોધન હતું, ખરા અર્થમાં સમ્યક્-બોધન. સેવાભાવી સંન્યાસ અને સ્વાર્થોવિહીન સત્તાના સુયોગ એટલે લોકનેતા નરેન્દ્ર મોદી.એમની સ્પષ્ટ સમજણ છે કે ચુંટણી કોઈ વ્યક્તિ કે પક્ષ નથી લડ્યો પણ જનતાએ પોતે આ કાર્યભાર સ્વીકાર્યો છે, જ્યાં જનતાને પોતે નીમેલા, સ્વીકારેલા અને વરેલા લોકનાયકને ધૂરા સોંપવાનો આનંદ છે. આજ ખરી લોકશાહી. જ્યાં લોકો શાહ-બાદશાહ છે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિશ્વાસુ, જવાબદાર સેવકો.નરેન્દ્ર મોદીએ આપેલું સૂત્ર 'સબકા સાથ સબકા વિકાસ'માં સર્વોદય અને અંત્યોદય એ બન્ને ભાવોનું સુસંગતિકરણ છે. તે કેવળ સૂત્રાત્મક ન રહેતા ક્રિયાત્મક બન્યું છે. અને વિશ્વસૂત્ર તરીકે પ્રતિપાદિત થતું હોય તેવું લાગે છે.એમના નેતૃત્વ હેઠળ ધર્મ, જાતિ કે વર્ગના ભેદ વિનાના વાતાવરણમાં સમગ્ર ભારતીય પ્રજાને ઉન્નતિ અને ઉત્કર્ષ કરાવશે. અને શાંતિપૂર્ણ પ્રગતિના પ્રદેશમાં લઈ જશે, જ્યાં સમગ્ર વિશ્વની કોઈપણ પ્રજા સામે ન હોય દ્વેશ કે વેર. એમને ભારતને સમગ્ર વિશ્વનું મિત્ર બનાવવું છે. જે આપણી મૂળ વિચારધારા છે જ, પણ વિશ્વને સુધ્ધાં આની પ્રતીતિ કરાવી શકે તેવો તેજસ્વી લોકનાયક જોઈએ. નરેન્દ્ર મોદીની રાહબરીમાં સમગ્ર ભારત વિશ્વને પ્રેમ અને સોહાર્દપૂર્ણ 'વિશ્વમિત્ર રાષ્ટ્ર'નું બિરૂદ આપશે. જે વિશ્વ પ્રેરક હશે.ઘણાં લાંબા સમયથી ભારતનું રાજકારણ અવનતિ, ભ્રષ્ટાચાર અને ઘૃણાસ્પદ અવસ્થામાં ગયું છે. નીતિ, નિયમ અને પ્રામાણિકતાનું ઉઘાડે છોગ અધઃપતન થયું. આમાં સૌથી મોટું નુકસાન એ થયું કે સારા, સજ્જ, શિક્ષિત યુવક યુવતીઓના મનમાં રાજકારણ પરત્વે અણગમો આવ્યો. એ અછૂત થયું. નેતા તો પ્રજામાંથી જ આવે. આવા વાતાવરણમાં દેશને ચલાવવા સારા લોકો ક્યાંથી લાવવા? કોના પર વિશ્વાસ મૂકવો? એક વખત મત આપી પાંચ વર્ષ સુધી અધમ કક્ષાના રાજકારણીઓના વર્તનને મૂક થઈ જોવાનું રહ્યું.નરેન્દ્રભાઈએ એવું તેજસ્વી, પ્રામાણિક નેતૃત્વ પૂરું પાંડ્યું છેકે આવતી યુવા પેઢીને કોઈ નેતા કે, નેતૃત્વની પ્રેરણા લેવી હશે તો આવા જાજલ્યમાન વિશ્વ સમંત નેતા સામે દૃષ્ટિપાત કરી નિરાશ નહીં થાય અને એમના જેવા પ્રતિભાસંપન્ન નેતાઓની પરંપરા સર્જાશે.સ્વામી વિવેકાનંદ હંમેશાં કહેતા કે મારા દેશ પાસે સમગ્ર વિશ્વને આપવા માટે કાંઈ હોય તો તે અમારું અધ્યાત્મ છે. આ આધ્યાત્મિક મૂલ્યો પર આધારિત ભારત વર્ષની તેજોમયતાને કે ગૌરવ આપવાના નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને પરમાત્મા ખૂબ યશ આપે, એજ ૨૦૧૯માં નવી રચાયેલી લોકસભાના પ્રારંભ સમયે પ્રાર્થના.

## કન્નડનાં દિગ્ગજ સર્જકને તો અંગ્રેજી કવિ બનવું હતું

જાણીતા અભિનેતા, દિગ્દર્શક, નાટ્યકાર, લેખક અને જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ગિરીશ કર્નાડનું નિધન થયું છે. ગયા મહિને તેમણે ૮૧ વર્ષ પૂર્ણ કર્યા હતાં, તેમનો જન્મ ૧૯૩૮માં થયો હતો.ગુજરાતમાં શ્વેત ક્રાંતિ નામે પ્રખ્યાત દૂધની સહકારી મંડળીની ચળવળ વિશે બનેલી ફિલ્મ મંથનમાં ગિરીશ કર્નાડે મુખ્ય ભૂમિકા અદા કરી હતી. અમૂલ પરની આ ફિલ્મ શ્યામ બેનેગલે બનાવી હતી. આ ફિલ્મ માટે ક્રાઉડ ફન્ડિંગ કરવામાં આવ્યું હતું.ગિરીશ કર્નાની કન્નડ તથા અંગ્રેજી એમ બન્ને ભાષાઓમાં સારી પકડ હતી.તેમણે પોતાનું પ્રથમ નાટક કન્નડ ભાષામાં લખ્યું હતું, જેનો ત્યારબાદ અંગ્રેજી અનુવાદ પણ થયો હતો.'યયાતિ', 'તુગલક', 'હયવદન', 'અંજુ મલ્લિગે', 'અગ્નિમતુ માલે', 'નાગમંડલ' અને 'અગ્નિ અને વર્ષા' તેમનાં જાણીતાં નાટકો છે.ગિરીશ કર્નાડને ૧૯૯૪માં સાહિત્ય અકાદમી પુરસ્કાર, ૧૯૯૮માં જ્ઞાનપીઠ પુરસ્કાર, ૧૯૭૪માં પદ્મ શ્રી, ૧૯૯૨માં પદ્મ ભૂષણ, ૧૯૭૨માં સંગીત-નાટક અકાદમી પુરસ્કાર, ૧૯૯૨માં કન્નડ સાહિત્યા અકાદમી પુરસ્કાર અને ૧૯૯૮માં કાલિદાસ સન્માનથી નવાજવામાં આવ્યા હતા.૧૯૭૦માં કર્નાડે કન્નડ ફિલ્મ 'સંસ્કાર'થી ફિલ્મ ક્ષેત્રે સફર આદરી હતી. તેમની પ્રથમ ફિલ્મને જ કન્નડ સિનેમા માટે રાષ્ટ્રપતિ તરફથી ગોલ્ડન લોટસ પુરસ્કાર મળ્યો હતો.આર. કે. નારાયણના પુસ્તક પર આધારિત ટીવી સિરિયલ 'માલગુડી ડેઝ'માં તેમણે સ્વામીના પિતાની ભૂમિકા નિભાવી હતી. ૧૯૯૦ની શરૂઆતમાં વિજ્ઞાન પર આધારિત એક ટીવી કાર્યક્રમ 'ટર્નિંગ પૉઈન્ટ'માં તેમણે સંચાલકની ભૂમિકા નિભાવી હતી.સાઠના દાયકામાં કર્ણાટકના નાટ્યકાર ગિરીશ કર્નાડનો એક કલ્પનાશીલ મૌલિક નાટ્યકાર તરીકેનો ઉદય, એ કન્નડ ભાષામાં આધુનિક ભારતીય નાટ્યસાહિત્ય રચવાના આરંભનો એક સુર્વણ અવસર છે. યયાતિ, હયવદન, તુઘલક, નાગમંડલા, અગ્નિ અને વર્ષા વગેરે નાટકોની ગણના આજે આધુનિક ભારતીય રંગમંચની ચોટદાર ઓળખ આપતાં 'માસ્ટરપીસ'માં થાય છે. કર્નાડ એક સાથે કેટલી બધી કલાઓ પર પ્રભુત્વ ધરાવે છે તેના સર્જનાત્મક વ્યક્તિત્વનાં કેટલાં બધાં પાસાં છે નાટ્યકાર હોવાની સાથે સાથે તેઓ એક મંજાયેલા અભિનેતા પણ છે અને તેમણે અભિનય ફક્ત રંગમંચ પર જ નહીં પણ કેટલીક શ્રેષ્ઠ ગણાયેલી પુરસ્કૃત ફિલ્મોમાં પણ કર્યો છે. તેવી જ રીતે ટેલિવિઝનના નાના પડદે પણ તેઓ અનેક વાર રજૂ થયા છે. તેઓ ફિલ્મદિગ્દર્શક પણ છે. કર્નાડને ૧૯૭૨માં સંગીત નાટક અકાદમી ઍવૉર્ડ, ૧૯૭૪માં પદ્મશ્રી, ૧૯૯૨માં પદ્મભૂષણ, ૧૯૯૨માં કન્નડ સાહિત્ય અકાદમી ઍવૉર્ડ, ૧૯૯૮માં કાલિદાસ સન્માન વગેરે પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે. વર્ષ ૧૯૯૮માં ભારતીય સર્વોચ્ચ સન્માન એવા જ્ઞાનપીઠ ઍવૉર્ડથી કર્નાડને નવાજવામાં આવેલા. ૨૦૦૧માં યુનિવર્સિટી ઑફ સધર્ન કેલિફૉર્નિયા, લોસ એન્જલસ તરફથી ઑનરરી ડૉક્ટરેટ પણ આપવામાં આવેલ છે.બાળપણમાં કર્નાડે સ્વપ્ન જોયેલું કે ભવિષ્યમાં તેઓ અંગ્રેજી ભાષામાં જ લખશે. કર્ણાટકમાં ધારવાડની પ્રાંતીય શાળામાં ભણતા ગિરીશ કર્નાડની એક તીવ્ર ઝંખના હતી કે તે ઈંગ્લૅન્ડ જશે અને અંગ્રેજીમાં કાવ્યો લખશે તે લખે છે કે મને શેક્સપિયર અને ટી.એસ. એલિયટ જેવા દુનિયાના ખ્યાતનામ કવિ બનવાની ખ્વાહિશ હતી તે ઈંગ્લૅન્ડ ગયા, ત્યાં અભ્યાસ કર્યો, અધ્યાપન-કાર્ય પણ કર્યું, દેશ અને દુનિયામાં ખ્યાતિ પણ કમાયા, પણ અંગ્રેજી કવિતા લખીને નહીં, કન્નડમાં નાટકો લખીને.વર્ષ ૧૯૫૧માં ચક્રવર્તી રાજગોપાલાચારીએ પ્રગટ કરેલ 'મહાભારત' નામના પુસ્તકે ગિરીશ કર્નાડના યુવા મન પર મોટો પ્રભાવ પાડ્યો. એક મુલાકાતમાં કર્નાડે આ સંદર્ભે પોતાનો અનુભવ વર્ણવતાં કહ્યું કે 'ખબર નહીં, શાથી, પણ ૧૯૫૫ના ગાળામાં એક દિવસ રાજાજીએ લખેલ 'મહાભારત'નાં વિચક્ષણ ચરિત્રોના અંગ્રેજીમાં લખાયેલા સંવાદો, એકાએક મારી કન્નડ ભાષમાં પલટાઈને મારા સ્મૃતિપટ પર આવી ચડ્યા તમામે તમામ સંવાદો એના તાર સ્વરે મારા કાનમાં ગુંજી રહ્યા. કન્નડમાં રૂપાંતરિત થયેલો તેનો એક એક શબ્દ મારા અણુએઅણુમાં ઘોળાઈ ગયો (અંતે તેના જ નિચોડ રૂપે ૧૯૬૧માં લગભગ ૨૩ વર્ષની ઉંમરે કર્નાડે 'યયાતિ' નામે નાટક લખ્યું.)આગળ કર્નાડના જ શબ્દોમાં, 'આ અંતઃસ્ફુરણા થવા પાછળ મને મુખ્યત્વે ત્રણ કારણો જણાયાં: પહેલું તો એ કે આજ દિન લગી મારા મનમાં કવિ બનવાની ઝંખના હતી અને તેના બદલે હું આજે નાટક લખી રહ્યો હતો બીજું આશ્ચર્ય મને એ થયું કે મારી કાચી ઉંમરથી હું સદા ય અંગ્રેજી કવિ બનવાની તૈયારીમાં રચ્યોપચ્યો રહેલો અને પછી એકાએક શું થયું કે હું કન્નડ ભાષામાં લખવા માંડ્યો જ્યાં ઑડેન અને એલિયટ જેવા સમર્થ કવિઓએ નામના કાઢેલી એવા દેશમાં હું જવા માંગતો હતો. મને લાગતું હતું કે ભારતમાં રહેવામાં કંઈ માલ નથી. અહીં કશું જ નથી. એટલે જ મેં અંગ્રેજી લેખક બનવાની તૈયારીઓ વિચારી રાખેલી. પરંતુ ખરેખર જ્યારે મન પરનો બોજ અને ગૂંગળામણ વ્યક્ત કરવાની અસલ ઘડી આવી ત્યારે મારી કલમ અભાનપણે કન્નડમાં જ ચાલવા લાગી મને તત્કાળ ભાન થયું કે આજ સુધીનું તમામ લેખનકાર્ય સમયનો નર્યો બગાડ હતો. ત્રીજું આશ્ચર્ય મને એ વાતનું થયું કે મારા પ્રથમ નાટક; યયાતિ'નું કથાબીજ મેં મહાભારતમાંથી મળેલી એક દંતકથામાંથી ખોળેલું. આ ત્રણેય આશ્ચર્યો મને એટલા માટે થયું કે તે ઘડી સુધી હું એવી જ ગેરસમજમાં રાચતો હતો કે 'પોતાની ભાષા અને પોતાનાં સામાજિક-સાંસ્કૃતિક માળખાંમાંથી બહાર નીકળીને – અળગા થઈને જીવવું એ જ ખરી આધુનિકતા છે.એક વાર કોઈકે કર્નાડને પૂછેલું કે નાટક લખતી વખતે તમે 'ભારતીય નાટક' લખવાના કોઈ સભાન પ્રયત્નો કરો છો ખરા? તેના જવાબમાં કર્નાડે કહેલું કે, ના, એવી કોઈ સભાનતા સાથે સર્જનકાર્ય ન થઈ શકે. વાસ્તવમાં એ બધું મારા વ્યક્તિત્વમાં, મારા અમુક પ્રકારે હોવાપણામાં તેમ જ મેં પસંદ કરેલ મારા કથાવસ્તુમાં સહજ રીતે સમાવિષ્ટ છે. ભારતીય કથાસાહિત્ય તો એક અગાધ સાગર છે. તેમાં નાટક લખવા માટેના વિચોરોનો વિપુલ ભંડાર છે. મારે ક્યાંયથી કશું નવું ખોળવાની જરૂર નથી. તમારી પરંપરાગત કલાસંસ્કૃતિના આત્મા જોડે તમે એક વાર પૂરા વિશ્વાસ સાથે એકાત્મતા સાધી શકો તો પછી એ બધું તમારાં લેખનમાંથી અનાયાસ જ નીપજે છે.ઉંમરના એક ખાસ પડાવે પહોંચ્યા બાદ કર્નાડ કહે છે કે હવે મને લાગે છે કે જિંદગીનાં જે કંઈ વર્ષો રહ્યાં છે તેમાં હું મારું સૌથી વધુ ગમતું કામ – માત્ર નાટકો લખવાનું જ કરું.પોતાનાં નાટકો રચવા માટે કર્નાડે ભલે ઈતિહાસ કે પુરાણકથામાંથી જ રૂપકો પસંદ કર્યાં હોય પરંતુ વર્તમાન સમસ્યાઓને સતત ઉજાગર કરતા રહેવા માટે તેઓ હંમેશાં વાણી અને અભિવ્યક્તિ-સ્વાતંત્ર્યના મોટા સમર્થક રહ્યા છે.

